Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, ઓક્ટોબર [૪૩૨] વર્ષ ૩૬: અંક ૪




૧. એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકનું રાજ્ય મળતુ હોય તોપણ ત્રણ લોકના લાભ કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણ લોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાલ પછી ત્યાંથી પતન થશે જ. અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણ લોકના લાભ કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે.

( શ્રી શિવકોટી આચાર્ય–ભગવતી આરાધના, ગાથા ૭૪૬–૪૭ )

૨. ચક્રવર્તી તપ કરવાને માટે સુદર્શન ચક્રનો ત્યાગ કરે છે તેમાં સજ્જનોને કંઈ આશ્ચર્ય લાગતું નથી. કેમ કે તે તપ સાધુઓને અવિનાશી અનુપમ મોક્ષ સંપત્તિને આપે છે. પરંતુ પરમ આશ્ચર્ય તો એ થાય છે કે જે કોઈ સાધુ તપને છોડીને ઇન્દ્રિય–વિષયોને ગ્રહણ કરે છે, જે આ મહાન ભયાનક સંસાર–સમુદ્રમાં અનેક દુઃખોને આપે છે. આ વાત બહુ જ આશ્ચર્યકારી છે.

( શ્રી અમિતગતિ આચાર્ય–તત્ત્વ ભાવના, શ્લોક–૯૭ )

૩. હે પ્રાણી! તું નિરર્થક પ્રમાદ દશાને પ્રાપ્ત ન થા! અનન્ય સુખના હેતુભૂત સમભાવને પ્રાપ્ત થા! તને એ ધનાદિથી શું પ્રયોજન છે? એ ધનાદિ આશારૂપ અગ્નિને પ્રજ્વલીત કરવામાં ઇંધનની ગરજ સારે છે. નિરંતર પાપ કર્મ ઉત્પન્ન કરાવવાવાળા આ સંબંધીજનોથી પણ તને શા માટે મમત્વ રહ્યાં કરે છે? મહા મોહરૂપ સર્પના બીલ સમાન તારો આ દેહ, તેથી પણ તને શું પ્રયોજન છે? નિરર્થક પ્રમાદિ થઈ રાગાદિ મહા દુઃખરૂપ ભાવોને ન ધરતાં સુખના અર્થે કેવલ એક સમભાવને જ પ્રાપ્ત થા.

( શ્રી ગુણભદ્ર આચાર્ય–આત્માનુશાસન, શ્લોક–૬૧ )

૪. જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક–૩૧ )

વાર્ષિક લવાજમ છ રૂપિયા વર્ષ ૩૬ અંક ૪




વીર સંવત ૨૫૦૫ A.D.1979 OCT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ધ્યાનનું ધ્યેય :

## બંધ-મોક્ષ અને તેના કારણથી રહિત શુદ્ધપારિણામિકભાવ

શ્રી સમયસાર ગાથા ૩૨૦ ની ટીકા કરીને શ્રી જયસેનાચાર્યદેવે કરુણાથી જગતના જીવો સમક્ષ ઘણા ગંભીર ને સૂક્ષ્મભાવો ખૂલ્લા કર્યા છે. આત્માના ગહન સ્વભાવની વાત ઘણી સૂક્ષ્મ છે, પરંતુ સાચી લગનીપૂર્વ સાંભળતા–સમજતાં મહાકલ્યાણકારી છે.

અહીં આચાર્યમહારાજે નેત્રના સચોટ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે કે શુદ્ધજ્ઞાનપરિણત જીવ નેત્રની જેમ અકારક–અવેદક હોવાથી તે બંધ–મોક્ષને તથા કર્મોદયને ને નિર્જરાને જાણે જ છે, કરતો કે વેદતો નથી. કેમ કે શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોકર્તૃત્વ તથા બંધ–મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે ત્યારે મોક્ષનું કારણ કોણ છે?–કે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવરૂપ શુદ્ધાત્મ–અભિમુખ પરિણામ મોક્ષનું કારણ છે કે જે પરમ–પારિણામિકભાવલક્ષણ શુદ્ધદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. એવું નિષ્ક્રિય તત્ત્વ ધ્યાનના વિષયરૂપ–ધ્યેયરૂપ છે, પરંતુ મોક્ષના કારણભૂત શુદ્ધોપયોગ ધ્યેયરૂપ નથી અર્થાત્ સકલ–નિરાવરણ–અખંડ–એક–

પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધ–પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

શિક્ષણ–શિબિરમાં સોનગઢ આવેલા મુમુક્ષુઓની આત્મ–અવલોકનની પિપાસાની તૃપ્તિ અર્થે આ અલૌકિક ગાથા–ટીકા ઉપર અગિયાર પ્રવચનો આપીને પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મ–અમૃતધોધનું અભિસિંચન કર્યું હતું.

[ શિક્ષણ–શિબિર દરમિયાન સોનગઢમાં થયેલા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી ]

અકર્તૃત્વભોકર્તૃત્વભાવને વિશેષરૂપે દ્રઢ કરે છેઃ–

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

## * ચક્ષુના દ્રષ્ટાંતે શુદ્ધ જ્ઞાન તથા શુદ્ધજ્ઞાનપરિણત જીવ રાગાદિનો અકર્તા અભોક્તા *

જેવી રીતે નેત્ર–આંખ જે દ્રશ્ય વસ્તુને દેખે છે તે દ્રશ્ય વસ્તુને, જેમ અગ્નિને સળગાવનાર પુરુષ અગ્નિને કરે છે તેમ આંખ દ્રશ્ય વસ્તુને કરતું નથી પણ માત્ર દેખે છે. વળી જેમ લોખંડનો તપેલો ગોળો ઉષ્ણપણે પરિણમે છે તેમ આંખ દ્રશ્ય વસ્તુને દેખે છે પણ વેદતું નથી. તેવી રીતે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે રાગને કરતો નથી ને જે રાગને કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. વળી જેમ નેત્ર પરદ્રવ્યોનો ભોક્તા નથી તેમ ભગવાન આત્મા રાગાદિનો ભોક્તા નથી ને ભોગવે તે આત્મા નથી, એ તો મિથ્યાદ્રષ્ટિ છે.

વળી જેમ ત્રિકાળી શુદ્ધજ્ઞાન–આત્મા રાગાદિને કરે કે ભોગવે નહીં, તેમ શુદ્ધજ્ઞાન–પરિણત જીવ પણ રાગાદિને કરતો કે ભોગવતો નથી. નેત્ર જેમ અગ્નિનને કરતો નથી ને વેદતો નથી તેમ સમ્યગ્દર્શનના વિષયભૂત જે ત્રિકાળી આત્મા છે તે રાગાદિને કરતો કે વેદતો નથી; એ તો ઠીક પણ રાગથી ભિન્ન થઈને પોતાના દ્રવ્યસ્વભાવ સાથે અભેદ થયો છે એ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ રાગાદિનો કર્તા કે ભોક્તા નથી.

જેમ શુદ્ધ દ્રવ્ય રાગાદિનો કર્તા–ભોક્તા નથી તેમ શુદ્ધ દ્રવ્યપરિણત જીવ પણ રાગાદિનો કર્તા–ભોક્તા નથી. જ્ઞાની એમ જાણે છે કે મારામાં જે કમજોરીથી રાગાદિ થાય છે તેનો પણ હું કર્તા–ભોક્તા નથી. આનંદના સ્વાદથી પરિણત થયો, અનુભવ થયો

એવો શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ રાગાદિનો, નેત્રની માફક, કર્તા–ભોક્તા નથી. કઈ રીતે કર્તા–ભોક્તા નથી ? –કે સ્વયં શુદ્ધ ઉપાદાનરૂપથી તેનો કર્તા–ભોક્તા નથી.

ભગવાન આત્મા જે નિત્ય ધ્રુવ છે તે તો દયા–દાન આદિ રાગાદિનો કર્તા–ભોક્તા નથી પણ શુદ્ધદ્રવ્યની જેને દ્રષ્ટિ થઈ છે એવો ધર્મી જીવ પણ દયા–દાન આદિનો કર્તા–ભોક્તા નથી. કઈ રીતે ? –કે પોતે શુદ્ધઉપાદાનરૂપથી કર્તા–ભોક્તા નથી. પર્યાયમાં રાગાદિ હોય છે પણ શુદ્ધઉપાદાનરૂપથી રાગાદિનો કર્તા–ભોક્તા નથી. જેને શુદ્ધપરિણતિ થઈ છે તે શુદ્ધઉપાદાનથી રાગાદિ અશુદ્ધ પરિણતિનો કર્તા–ભોક્તા નથી. પર્યાયમાં વિકાર ઉત્પન્ન થાય છે એ અશુદ્ધ ઉપાદાનથી થાય છે ને પર્યાયમાં જે ધર્મની પરિણતિ ઉત્પન્ન થાય છે એ શુદ્ધઉપાદાનથી થાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ કરતાં નિર્મળ પરિણતિ ઉત્પન્ન થતાં પર્યાયમાં શુદ્ધઉપાદાન થવાથી તેના જોરમાં, પર્યાયમાં જે અશુદ્ધ પરિણતિ છે તેનો કર્તા–ભોક્તા તે થતો નથી.

સમ્યગ્દર્શન થાય છે ત્યારથી શુદ્ધ પરિણતિના કારણે અર્થાત્ શુદ્ધઉપાદાનના કારણે રાગાદિનો કર્તાભોક્તા નથી. ત્રિકાળી શુદ્ધજ્ઞાન તો રાગાદિનો કર્તાભોક્તા નથી પણ ત્રિકાળી શુદ્ધજ્ઞાનના આશ્રયે શુદ્ધપરિણતિ થતાં એ શુદ્ધજ્ઞાનપરિણત જીવ શુદ્ધઉપાદાન રૂપથી રાગાદિનો કર્તાભોક્તા થતો નથી.

### * માત્ર દ્રષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ રાગાદિનું અકર્તા-અભોક્તા *

દ્રષ્ટિ અપેક્ષાએ તો વસ્તુ ને વસ્તુની દ્રષ્ટિવાળો રાગાદિનો કર્તા–ભોક્તા નથી પણ જ્ઞાન અપેક્ષાએ ? –કે માત્ર દ્રષ્ટિ જ કર્તા–ભોક્તા નથી એમ નહીં, પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ–કેવળજ્ઞાન પણ નિશ્ચયથી રાગાદિનોનો કર્તા–ભોક્તા નથી. કેવળજ્ઞાનીને વાણી નીકળે છે, એ વાણીના કર્તા–ભોક્તા ભગવાન નથી એમ કહે છે. દ્રવ્યસ્વભાવ તો રાગાદિનો કર્તા–ભોક્તા નથી, દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ થઈ છે એવો શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ રાગાદિનો કર્તાભોક્તા નથી અને ક્ષાયિકજ્ઞાન પણ અર્થાત્ કેવળજ્ઞાની પણ શરીર, દિવ્ય–ધ્વનિ આદિના કર્તાભોક્તા નથી. દ્રષ્ટિ અપેક્ષાએ તો કર્તાભોક્તા નથી પણ ક્ષાયિકજ્ઞાન પણ કર્તાભોક્તા નથી. કેવળીને જે કંપનીની પર્યાય થાય છે તેના પણ કર્તાભોક્તા કેવળી નથી. ભગવાનને ચાર ઘાતિ–કર્મનો નાશ થયો ને ચાર અઘાતિ કર્મ બાકી છે તેના કર્તાભોક્તા ભગવાન નથી.

### * શુદ્ધજ્ઞાનપરિણત જીવ બંધ-મોક્ષને તથા કર્મોદયને ને નિર્જરાને જાણે છે *

હવે કહે છે કેઃ– શુદ્ધજ્ઞાનની દ્રષ્ટિ થતાં શુદ્ધજ્ઞાનપરિણત થયો એવો જીવ શું

કરે છે? –કે જાણે જ છે. કોને? –કે બંધમોક્ષને. શુદ્ધસ્વભાવ કે જે પરમાત્મસ્વરૂપ જ છે, એની જેને દ્રષ્ટિ થઈ છે એવો શુદ્ધજ્ઞાનપરિણત જીવ બંધને ને મોક્ષને કરતો નથી પણ માત્ર જાણે જ છે. માત્ર બંધમોક્ષને જ જાણે છે? –કે માત્ર બંધમોક્ષને જ નહીં પણ શુભ–અશુભ ભાવરૂપ કર્મોદયને પણ જાણે જ છે તથા સવિપાક–અવિપાકરૂપ ને સકામ–અકામરૂપ ચારે પ્રકારની નિર્જરાને ધર્મી કરતો નથી, જાણે જ છે.

સવિપાક–અવિપાક તથા સકામ–અકામ નિર્જરાને જાણે જ છે, એટલે શું? –કે સ્થિતિ પૂરી થતાં કર્મના રજકણો ઉદયમાં આવીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે, તેનો કર્તા જ્ઞાની નથી. પુરુષાર્થની ઉગ્રતાથી કર્મ ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરા છે, તેનો પણ જ્ઞાની કર્તા નથી. જીવના પુરુષાર્થ પૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય તે સકામ નિર્જરા છે અને ઇચ્છા ન હોવા છતાં ક્ષુધા–તૃષા આદિ સમતાભાવે સહન કરવા તે અકામ નિર્જરા છે. સકામ–અકામ નિર્જરાનો પણ જ્ઞાની કર્તા નથી, જ્ઞાની તો તેને માત્ર જાણે છે.

જેમ નેત્ર છે તે પરને કરતું નથી ને પરને ભોગવતું નથી તેમ આત્મા એટલે કે જેને આત્મા અનુભવમાં આવ્યો છે એ આત્મા રાગાદિ પરને કરતો ભોગવતો નથી. જેને શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ થયો છે એવા સમ્યગ્દ્રષ્ટિને અહીં શુદ્ધજ્ઞાનપરિણત જીવ કહ્યો છે. એ શુદ્ધજ્ઞાનપરિણત જીવ બંધ–મોક્ષને જાણે છે. જ્ઞાની બંધને કરતો નથી પણ જાણે છે. થોડો રાગ છે ને તેથી થોડો બંધ પણ છે, એ બંધને જ્ઞાની જાણે છે, બંધને કરતો નથી, મોક્ષ થાય છે તેને જ્ઞાની જાણે, મોક્ષને પણ જ્ઞાની કરતો નથી. માત્ર બંધ–મોક્ષને જાણે છે એટલું નહીં પણ ધર્મી કર્મોદયને પણ જાણે છે. ધર્મીને કર્મોદયના નિમત્તે શુભ ને અશુભભાવ આવે છે પણ ધર્મી તેને જાણે છે, તેને કરતો નથી. શુદ્ધજ્ઞાનપરિણત જીવ ભલે છ ખંડના રાજ્યમાં ઊભેલો દેખાય પણ એ તો કર્મોદયને જાણે છે. કરે શું! જે થાય તેને જાણે! નેત્ર શું કરે? ખાડો ગાળે? મકાન બનાવે? તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ બંધ–મોક્ષને તથા કર્મોદયને માત્ર જાણે છે. શુભ–અશુભભાવને કરતો નથી પણ હોય છે તેને જાણે છે. કર્મોદયને જાણે ને ચાર પ્રકારની નિર્જરાને પણ જાણે છે, કરતો નથી.

## * બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય પરમ-પારિણામિકભાવ *

સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ–ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયથી અર્થાત્ શુદ્ધઉપાદાનભૂત ત્રિકાળી વસ્તુને જાણવાનું જેનું પ્રયોજન છે એવી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ કર્તૃત્વ–ભોકતૃત્વથી શૂન્ય છે તથા બંધ–મોક્ષના કારણથી એટલે કે બંધનું કારણ

જે મિથ્યાત્વ–અવ્રત–પ્રમાદ–કષાય ને યોગ તેનાથી પ્રભુ રહિત છે ને મોક્ષના કારણથી એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેનાથી પ્રભુ શૂન્ય છે અને બંધ–મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે એટલે કે બંધની પર્યાયથી અને મોક્ષની પર્યાયથી પણ રહિત ત્રિકાળી વસ્તુ છે. દ્રષ્ટિનો જે વિષય છે તે બંધના કારણ ને મોક્ષના કારણથી તો શૂન્ય છે પણ બંધના પરિણામ ને મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે. કેમ કે મોક્ષના કારણ ને મોક્ષના પરિણામ એ તો પર્યાય છે.

ભગવાન આત્મા શુદ્ધપૂર્ણાનંદ શાશ્વત વસ્તુ છે છતાં એ વસ્તુને આ પ્રકૃતિનો બંધ ક્યાંથી આવ્યો? –કે એ અજ્ઞાનનો મહિમા છે. શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન નથી ને દયા–દાન આદિ શુભભાવ મારા છે ને તેનાથી મને લાભ થશે એવા અજ્ઞાનને લઈને શુદ્ધ આત્માને પ્રકૃતિનો બંધ છે. મુક્તસ્વરૂપ, અબંધસ્વરૂપ ભગવાન આત્માને પ્રકૃતિનો બંધ કેવી રીતે છે? –કે શુદ્ધ ચૈતન્યઘન નિજવસ્તુના જ્ઞાન વિના અજ્ઞાનના કારણે તેને રાગનો ને પ્રકૃતિનો સંબંધ છે.

## * ઔપશમાદિક પાંચ ભાવોમાં મોક્ષનું કારણ કોણ? *

હવે વિશેષ કહે છેઃ–

ઔપશમાદિક પાંચ ભાવોમાં કયા ભાવે મોક્ષ થાય છે તે વિચારે છે–કહે છે. પાંચ ભાવોમાં ચાર ભાવો પર્યાયરૂપ છે. ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિકભાવ તથા ઔદયિકભાવ એ ચાર ભાવો આત્માની અવસ્થારૂપ છે પણ આત્મદ્રવ્યરૂપ નથી. જે દ્રવ્ય વસ્તુ છે તેમાં વિકારી કે નિર્વિકારી પર્યાય છે નહીં. એ ચાર ભાર પર્યાયરૂપ છે ને પંચમભાવ છે તે શુદ્ધ પારિણામિકભાવ છે તે દ્રવ્યરૂપ છે. એ દ્રવ્ય અને પર્યાય એ બે મળીને આત્મા–પદાર્થ છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી સામાન્ય દ્રવ્ય છે અને પર્યાય તથા દ્રવ્યરૂપ પદાર્થ આત્મા તે પ્રમાણના વિષયભૂત દ્રવ્ય છે.

ત્યાં, પ્રથમ તો આત્માનું જીવપણું, ભવ્યપણું અને અભવ્યપણું એ ત્રણ પ્રકારે પારિણામિક છે. તેમાં જે શુદ્ધ જીવત્વશક્તિ ત્રિકાળ છે તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ છે. રાગનો સંબંધ–આવરણ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. શુદ્ધજીવત્વ શક્તિ જેનું લક્ષણ છે એવું પારિણામિકપણું શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ છે તથા તેને શુદ્ધપારિણામિકભાવ સંજ્ઞાવાળું જાણવું. કોને? –કે ત્રિકાળ શુદ્ધજીવત્વ, શક્તિલક્ષણ જે પારિણામિકભાવ છે તેને શુદ્ધપારિણામિકભાવ જાણવું. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણેમાં શુદ્ધજીવત્વશક્તિ ને ‘શુદ્ધપારિણામિકભાવ’ એવી સંજ્ઞાવાળું જાણવું. કારણજીવ, કારણપરમાત્મા એવા શુદ્ધ જીવત્વને ‘શુદ્ધ પારિણામિકભાવ’

સંજ્ઞાવાળું જાણવું અને તેનો અનુભવ સમ્યગ્દર્શન નામ પામે છે.

જેમ ચંદનઘોને ઊંચી દીવાલ પર ફેંકતા તે ચોંટી જાય ને પછી માણસ ઉપર ચઢી જાય તેમ ત્રિકાળી દ્રવ્ય ઉપર શ્રદ્ધાને એવી રીતે ચોંટાડી દે, દ્રષ્ટિ લગાડી દે કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પામીને મોક્ષને પામી જવાય. શ્રદ્ધાને જેના ઉપર ચોંટાડવી છે, દ્રષ્ટિ જ્યાં લગાડવી છે તે વસ્તુ કેવી છે? એ વસ્તુ તો બંધમોક્ષના પરિણામથી પણ રહિત છે.

દશપ્રાણરૂપ જીવત્વ તથા ભવ્યત્વ–અભવ્યત્વ છે તે પર્યાયઆશ્રિત હોવાથી અશુદ્ધ પારિણામિકભાવ છે અર્થાત્ તે દ્રષ્ટિ કરવા લાયક નથી. પોતાની પર્યાયમાં મોક્ષની લાયકાત છે એવી ભવ્યત્વ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. કેમ કે તે પર્યાયાર્થિકનયનો વિષય છે માટે તે હેય છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી પણ રાગ ઉત્પન્ન થાય છે. દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ–અભવ્યત્વ અશુદ્ધ કેમ? પર્યાયનયનો વિષય છે તેને અશુદ્ધ કેમ કહ્યા? –કે સંસારી જીવને શુદ્ધનયથી ભવ્યત્વાદિ છે નહીં માટે. અભવીજીવ હો તેને અભવ્યત્વ તો પર્યાયમાં છે છતાં શુદ્ધનયનો વિષય જે આત્મા તેમાં તો અભવ્યત્વ છે જ નહીં. તેથી સંસારીઓને શુદ્ધનયથી દશપ્રાણરૂપ જીવત્વ ને ભવ્યત્વ, અભવ્યત્વનો અભાવ હોવાથી તથા સિદ્ધોને તો સર્વથા અભાવ હોવાથી તેઓ અશુદ્ધ છે. સંસારીઓને દ્રવ્યમાં અને સિદ્ધોને સર્વથા અર્થાત્ દ્રવ્ય ને પર્યાયમાં પણ દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વનો અભાવ હોવાથી અશુદ્ધ છે.

દશપ્રાણરૂપ જીવત્વ છે તે વ્યવહારથી છે પણ ઘીના ઘડાની માફક જૂઠો વ્યવહાર નથી. દશપ્રાણરૂપ જીવત્વ છે તે પર્યાયમાં છે ખરો, ઘીના ઘડાની માફક પર્યાયમાં પણ નથી એમ નથી. વ્યવહારનયથી છે પરંતુ ત્રિકાળીના વિષયમાં નથી માટે તેમ અશુદ્ધ કહ્યો. સંસારીઓને ભવ્યત્વ–અભવ્યત્વ પર્યાયમાં છે. પરંતુ શુદ્ધનયથી સંસારીઓમાં ભવ્યત્વ–અભવ્યત્વનો અભાવ છે ને સિદ્ધોને સર્વથા અભાવ છે માટે તેઓને અશુદ્ધ કહે છે.

આ ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકભાવ તો યથાસંભવ સમ્યક્ત્વાદિ ગુણોના ઘાતક દેશઘાતી ને સર્વઘાતી મોહાદિ ચારઘાતિકર્મથી પર્યાયાર્થિકનયથી ઢંકાય છે એટલે કે પોતાની પર્યાયમાં પોતાની યોગ્યતાથી ઢંકાય છે, તેમાં કાળાદિલબ્ધિ વશે પર્યાયમાં ભવ્યત્વની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ–શુદ્ધ પારિણામિકભાવલક્ષણ એવું નિજપરમાત્મદ્રવ્ય તેના સમ્યક્ શ્રદ્ધાન–જ્ઞાન–અનુચરણરૂપ પરિણમે છે.

સહજ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્માના આશ્રયે મોક્ષમાર્ગનું પરિણમન થાય છે. મોક્ષમાર્ગ પર્યાય છે ને મોક્ષ પણ પર્યાય છે અને સંસાર પણ

વિકારી પર્યાય છે. સ્ત્રી–પુત્ર–પૈસા આદિ કાંઈ સંસાર નથી પણ સ્ત્રી–પુત્ર–પૈસા આદિ મારા છે, રાગ મારો છે ને તેનાથી લાભ થશે એવી મિથ્યા–માન્યતા તે સંસાર છે. નિજ શુદ્ધ પરમાત્મદ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગનું પરિણમન થાય છે તે શુદ્ધ પરિણતિ છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની સન્મુખ થતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે જીવ પરિણમે છે. દયા–દાન આદિ રાગથી પણ ખસીને ત્રિકાળી નિજ શુદ્ધ દ્રવ્યની સન્મુખ થતાં સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે છે. એ પરિણમનને શું કહેવું? એ પરિણમનને આગમ ભાષાએ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક એવા ત્રણભાવે કહેવાય છે. આગમભાષાએ ઔપશમિક–ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ કહે છે અને અધ્યાત્મભાષાએ તેને શુદ્ધાત્માભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ ઇત્યાદિ કહે છે. શુદ્ધાત્માની સન્મુખ થતાં થયેલા પરિણામને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્મ–અભિમુખ પરિણામ કહે છે ને આગમભાષાએ તેને ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક–એ ત્રણે ભાવે કહેવાય છે.

નિયમસારમાં ૫૦ મી ગાથામાં જે પરિણામને–મોક્ષમાર્ગને પરદ્રવ્ય કહ્યા તે પરિણામને અહીં શુદ્ધાત્મ–અભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ ઇત્યાદિ કહે છે. ત્યાં પરદ્રવ્ય કેમ કહ્યું? પરભાવ કેમ કહ્યું? –કે પરદ્રવ્યના આશ્રયે, પરદ્રવ્યમાંથી જેમ શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થતી નથી તેમ શુદ્ધાત્મભિમુખ પરિણામના આશ્રયે, પરિણામમાંથી નવી નિર્મળ પર્યાય આવતી નથી માટે ત્યાં તેને પરભાવ કહેલ છે. અહીં કહે છે કે શુદ્ધાત્માની સન્મુખ થવાથી થયેલા પરિણામને શુદ્ધોપયોગ કહે છે.

## * મોક્ષના કારણભૂત શુદ્ધોપયોગથી કથંચિત્ ભિન્ન પરમ-પારિણામિકભાવ *

ચૈતન્ય ભગવાનની સન્મુખ થઈને, સર્વથી વિમુખ થઈને–દ્વેષ કરીને નહીં પણ સ્વદ્રવ્ય તરફ ઝૂકી જવું ને પરદ્રવ્યથી હઠી જવું એ સ્વસન્મુખ ને પરથી વિમુખ થવું છે. એ પર્યાય શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શુદ્ધાત્માભિમુખ પરિણામની પર્યાય એ ત્રિકાળી શુદ્ધાત્માથી ભિન્ન છે. ખરેખર તો એ પર્યાય દ્રવ્યમાં નથી ને દ્રવ્ય પર્યાયમાં નથી, બન્ને તદ્દન ભિન્ન છે. મોક્ષમાર્ગની પર્યાય છે તે ત્રિકાળી દ્રવ્યથી ભિન્ન છે. આહાહા! ગજબ વાત કરી છે.

દ્રવ્યસ્વભાવની સન્મુખ થયેલી પર્યાય શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે, આહાહા! પરદ્રવ્યની, શરીરની તો વાત ક્યાંય રહી, પુણ્ય–પાપ ભાવની વાત તો સંવર અધિકારમાં કહી કે તેનું ક્ષેત્ર પણ ભિન્ન છે, પણ અહીં તો કહે છે કે દ્રવ્યસ્વભાવની અભિમુખ થયેલી જે નિર્મળ પર્યાય તે પણ દ્રવ્યસ્વભાવથી કથંચિત્ ભિન્ન છે. સંવર અધિકારમાં તો જાણનક્રિયાને આત્મા સાથે અભિન્ન કહી છે. અહીં તો તેને કથંચિત્ ભિન્ન કહી છે. અલિગગ્રહણમાં સર્વથા ભિન્ન કહેલ છે. અપેક્ષા સમજવી જોઈએ ને! પર્યાય દ્રવ્યને

સ્પર્શતી નથી ને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી–એમ અલિંગગ્રહણમાં કહ્યું છે. અહીં નિર્મળ પર્યાયને કથંચિત્ ભિન્ન કહી, આહાહા! ચિદ્‌વિલાસમાં એમ કહ્યું છે કે પર્યાયનું કારણ પર્યાય જ છે, દ્રવ્ય કારણ ને પર્યાય કાર્ય એમ નહીં. પર્યાયનું કારણ પર તો નથી પણ પર્યાયનું કારણ સ્વદ્રવ્ય પણ નથી, પર્યાયનું કારણ પર્યાય જ છે.

એક કારણશુદ્ધપર્યાય છે તે અનાદિ અનંત ધ્રુવ છે તેમાં ઉત્પાદ–વ્યય નથી, તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન નથી પણ સર્વથા અભિન્ન છે. મોક્ષમાર્ગની પર્યાય તો કથંચિત્ ભિન્ન છે પણ કારણશુદ્ધપર્યાય ઉત્પાદ–વ્યય વિનાની ધ્રુવ છે તે દ્રવ્યથી સર્વથા અભિન્ન છે. પરંતુ મોક્ષમાર્ગની પર્યાય છે તે ઉત્પાદ–વ્યયવાળી છે, તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે.

શુદ્ધ ત્રિકાળી દ્રવ્યની સન્મુખતાના શુદ્ધ પરિણામ શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કયા કારણે ભિન્ન છે? કે તે પર્યાય ભાવનારૂપ છે. ભાવના એટલે? વિકલ્પ કે ચિંતન નહીં પણ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે. ત્રિકાળી શુદ્ધાત્મસ્વરૂપ તરફના ઝૂકાવથી જે પર્યાય ઉત્પન્ન થઈ તેને ભાવના કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવની ભાવનારૂપ પર્યાય હોવાથી કથંચિત્ ભિન્ન છે. નિત્યના અવલંબને ઉત્પન્ન થયેલી ભાવનારૂપ પર્યાય અનિત્ય હોવાથી કથંચિત્ ભિન્ન છે. શુદ્ધપારિણામિકભાવ ભાવનારૂપ નથી અને તેની સન્મુખ થતાં જે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ તે ભાવનારૂપ છે તેથી કથંચિત્ ભિન્ન છે. આ ભાવના શુદ્ધ પારિણામિકદ્રવ્ય નથી પણ આ ભાવના વધીને પૂરણ થવાની જ છે.

## * મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થઈને મોક્ષ થશે, થશે ને થશે જ *

જે પર્યાય ત્રિકાળીના અવલંબનથી થઈ તે મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધપારિણામિકભાવમાં નથી ને શુદ્ધ પારિણામિકભાવ મોક્ષમાર્ગની પર્યાયમાં નથી. તેથી તે પર્યાય ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. પરંતુ એ પર્યાય પૂરણ થશે, થશે ને થશે. અહીં તો કહેવું એમ છે કે જો કથંચિત્ ભિન્ન ન હોય તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની મોક્ષમાર્ગની પર્યાય પૂરણ થતાં એટલે કે મોક્ષ થશે, થશે ને થશે જ તે વખતે ભાવનારૂપ મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થતાં શુદ્ધપારિણામિકભાવનો પણ નાશ થાય, પરંતુ શુદ્ધપારિણામિકભાવનો તો નાશ થતો નથી.

આહાહા! મોક્ષ થશે કે કેમ? –એમ નહીં. ત્રણ લોકના નાથને જેણે સ્વીકાર્યો તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તે ભાવનારૂપ પર્યાય છે અને તેનો વ્યય થઈને મોક્ષ થશે, થશે ને થશે જ. તેને મોક્ષનો પ્રસંગ આવશે જ. મોક્ષના

કારણભૂત મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થઈને કાર્યરૂપ મોક્ષ થશે જ. ત્યારે, જો તે પર્યાય શુદ્ધપારિણામિકથી કથંચિત્ ભિન્ન ન હોય તો, શુદ્ધપારિણામિકભાવનો પણ નાશ થઈ જાય.

મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય કે જેને શુદ્ધાત્માભિમુખ પરિણામ કહે છે તે શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કેમ કે મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થઈને મોક્ષ થશે, થશે ને થશે જ અને ત્યારે, જો તે પર્યાય દ્રવ્યથી અભિન્ન હોય તો તે પર્યાયના નાશની સાથે દ્રવ્યનો પણ નાશ થશે. દ્રવ્ય તો ત્રિકાળ અવિનાશી છે ને પર્યાય તો ક્ષણિક છે, નાશવાન છે, તેથી તે ભાવનારૂપ પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

પવિત્ર પર્યાય પણ પર્યાયવાનથી કથંચિત્ ભિન્ન છે. જો ભિન્ન ન હોય તો, એ પવિત્ર પર્યાયનો–મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થઈને પૂરણ પવિત્રતા–મોક્ષ થશે ત્યારે પર્યાયવાનનો પણ નાશ થાય, પણ એમ તો થતું નથી. માટે શુદ્ધપારિણામિકભાવનું અવલંબન લેનારી ભાવના શુદ્ધપારિણામિકભાવથી કથંચિત્ ભિન્ન છે.

## * શુદ્ધપારિણામિક નહિ પરંતુ ઉપશમ આદિ વીતરાગી પરિણામ મોક્ષનું કારણ *

માટે એમ સિદ્ધ થયું કે શુદ્ધપારિણામિકભાવના અવલંબનથી મિથ્યાત્વથી રહિત જે ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ પ્રગટ થયો તે ધર્મ છે, તે મોક્ષનો માર્ગ છે. દયા–દાન આદિ કાંઈ ધર્મ નથી પણ દ્રવ્ય તરફ ઝૂકતા અંતરમાં જે ભાવના પ્રગટ થઈ તે ઔપશમિક–ક્ષયોપશમિક–ક્ષાયિકભાવરૂપ ધર્મ છે. ભગવાન ત્રિકાળી પરમ સ્વભાવભાવ છે ને તેની ભાવના ઔપશમિક–ક્ષયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ છે. ચાર ભાવમાંથી કયા ભાવે મોક્ષ થાય છે તે વાત ચાલે છે. વીતરાગસ્વરૂપ ભગવાન આત્માના અવલંબને જે પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય ભાવનારૂપ છે, તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે ને તે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવરૂપ છે. એ ભાવના રાગથી રહિત છે. દયા–દાન આદિના ભાવ તો રાગ છે, તેનાથી રહિત–સમસ્ત રાગાદિથી રહિત એ ત્રણ ભાવ છે એટલે કે મોક્ષનો માર્ગ સમસ્ત રાગાદિથી રહિત શુદ્ધાત્માની ભાવનારૂપ જે મોક્ષમાર્ગ છે તેમાં કિંચિત્માત્ર રાગ નથી, સમસ્ત રાગાદિથી રહિત મોક્ષમાર્ગ છે. દ્રવ્યની ભાવનારૂપ જે મોક્ષમાર્ગ છે તે દયા–દાન–વ્રત–ભક્તિ કે કામ–ક્રોધ આદિ શુભ કે અશુભ સમસ્ત રાગાદિથી રહિત છે. તેથી શુદ્ધ–ઉપાદાન કારણભૂત હોવાથી તે મોક્ષનું કારણ છે. શુદ્ધ ઉપાદાનના બે પ્રકાર છે, એક ત્રિકાળી ને એક ક્ષણિક. અહીં ક્ષણિક શુદ્ધ ઉપાદાનની વાત ચાલે છે. શુદ્ધાત્માની એકાગ્રતારૂપ ત્રણ પ્રકારની ભાવના

કે જે સમસ્ત રાગાદિથી રહિત મોક્ષમાર્ગરૂપ છે તે શુદ્ધ–ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. ચાર ભાવમાં કયા ભાવે મોક્ષ થાય છે તેની વાત ચાલે છે ને! તેથી કહે છે કે સમસ્ત રાગાદિથી રહિત ત્રણ પ્રકારની ભાવના શુદ્ધ–ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. ત્રિકાળીની એકાગ્રતારૂપ ત્રણ પ્રકારની ભાવના છે તે શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી તે મોક્ષનું કારણ છે. પરંતુ ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ત્રિકાળી કારણપરમાત્માની ભાવનારૂપ મોક્ષમાર્ગ છે તે મોક્ષનું કારણ છે, કારણપરમાત્મા મોક્ષનું કારણ નથી. અહીં તો શુદ્ધ પારિણામિક ભાવ કે જે ત્રિકાળી છે તે પર્યાયમાં આવતો નથી તેથી તે મોક્ષનું કારણ નથી પણ તેના અવલંબનથી ઉત્પન્ન થયેલી મોક્ષમાર્ગની પર્યાય તે મોક્ષનું કારણ છે એમ બતાવવું છે. અહીં તો મોક્ષનું–પૂરણ પર્યાયનું કારણ મોક્ષમાર્ગની પર્યાય છે એમ બતાવવું છે.

કારણપરમાત્મા દ્રવ્ય છે ને કાર્યપરમાત્મા કેવળજ્ઞાનપર્યાય છે. અહીં દ્રવ્ય પર્યાયને કથંચિત્ ભિન્ન બતાવવા છે, તેથી કાર્યપરમાત્માનું કારણ ત્રણ પ્રકારની ભાવનારૂપ મોક્ષમાર્ગ છે પણ કારણપરમાત્મા કારણ નથી તેમ કહ્યું છે. ખરેખર તો કારણપરમાત્મા કાર્યપરમાત્માનું કારણ છે પણ અહીં તો પર્યાયનું કારણ પર્યાય બતાવવું છે. કેમ કે દ્રવ્ય છે તે કૂટસ્થ છે, ધ્રુવ છે, તેથી તે કારણ નથી એમ બતાવવું છે. પર્યાય છે તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. તે બતાવવું છે તેથી મોક્ષનું કારણ વીતરાગી પર્યાય છે અને પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તેથી મોક્ષનું કારણ મોક્ષમાર્ગની પર્યાય છે એમ અહીં કહેવું છે. બાકી તો જ્યાં જે અપેક્ષાએ કહેવું હોય તે અપેક્ષા સમજવી જોઈએ.

મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈને મોક્ષ થાય છે તે વ્યક્ત મોક્ષની અપેક્ષાએ વાત છે, જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધ પારિણામિકભાવ છે. જે શક્તિરૂપ મોક્ષ છે તે સહજ ત્રિકાળી સ્વભાવ છે, તેમાં પ્રગટ થવાપણું છે નહીં. વસ્તુ છે તે તો મુક્તસ્વરૂપ ત્રિકાળ છે. શક્તિરૂપ જે મોક્ષ છે તે તો ત્રિકાળી દ્રવ્ય છે ને તેનો અનુભવ કરવો તે જૈન ધર્મ છે. ભક્તિ આદિ કાંઈ જૈન ધર્મ નથી એ તો રાગધર્મ છે. જૈનપણું અંતરમાં છે, જિનસ્વરૂપ આત્માનો અંતરમાં અનુભવ કરે તે જૈનપણું છે. એ જૈનપણું છે. એ જૈનપણું કાંઈ બહારમાં નથી. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તીને છ ખંડના રાજ્ય હોય! –પણ એ મારા નથી, એ તો ઠીક, દયા–દાન આદિ શુભરાગ પણ મારા નથી. અરે! તેને જાણનારી વર્તમાન પર્યાય તે હું નહીં, હું તો અનાદિ વિદ્યમાન શક્તિરૂપ મોક્ષ જે શુદ્ધ પારિણામિક સ્વભાવભાવ તે હું છું–એમ તે જાણે છે.

## * નિષ્ક્રિય શુદ્ધ પારિણામિકભાવમાં મોક્ષના કારણભૂત ક્રિયાનો પણ અભાવ *

ભગવાન ત્રિલોકીનાથની દિવ્યધ્વનિમાં જે આવ્યું તેની રચના ગણધરદેવ કરે છે,

એ સિદ્ધાન્તમાં એમ કહ્યું છે કે શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. વસ્તુ છે તે તો પરિણમન રહિત નિષ્ક્રિય છે. પરદ્રવ્યની ક્રિયાને કે કર્મને તો કરી શકતો જ નથી પણ રાગનો કર્તા સ્વભાવના અજ્ઞાનને લઈને થાય છે પણ જે ત્રિકાળી વસ્તુ છે તે તો રાગરહિત નિર્મળ પરિણતિથી પણ રહિત નિષ્ક્રિય છે. દયા–દાન આદિ જે પરિણતિ છે તે તો દ્રવ્યમાં છે જ નહીં, બંધના કારણભૂત જે રાગાદિની પરિણતિ તેનાથી તો રહિત છે. શુભ–અશુભભાવ છે તે બંધના કારણભૂત છે તે–રૂપ ભગવાન આત્મા છે નહીં. અરેરે! હજુ તો શરીરની ચેષ્ટા આદિમાં વિશેષતા ભાસે છે! પણ એ તો મિથ્યાત્વ છે. જ્યાં સુધી બહારમાં ક્યાંક ને ક્યાંક વિશેષતા ભાસે છે ત્યાં સુધી નિષ્ક્રિય તત્ત્વની વિશેષતા ભાસતી નથી.

અહીં તો કહે છે કે શુભાશુભ ભાવ કે જે બંધનું કારણ છે તે રૂપ તો શુદ્ધ પારિણામિકભાવ નથી પણ મોક્ષના કારણભૂત જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–કે જે પૂર્વે કદી આવ્યું નથી–એ ક્રિયારૂપ પણ શુદ્ધાપારિણામિકભાવ નથી. અંતર્મુખદ્રષ્ટિના વિષયભૂત જે ધ્રુવ પારિણામિકભાવ છે તેમાં મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શનની પર્યાયનો અભાવ છે, તે રૂપ દ્રવ્ય નથી. ધ્રુવનું ધામ મહાપ્રભુ એ તો મોક્ષના કારણરૂપ પર્યાયથી રહિત છે. આત્માનું જેવું પરિપૂર્ણ સ્વરૂપ છે એવી પ્રતીતિ, જ્ઞાન ને તેનું આચરણ એ પણ પર્યાય છે, તેનાથી રહિત ત્રિકાળી દ્રવ્ય છે. મોક્ષના કારણભૂત જે મોક્ષમાર્ગ છે તેનાથી મોક્ષ થશે જ, છતાં તે રૂપ દ્રવ્ય નથી. દ્રષ્ટિનો વિષય જે ત્રિકાળી દ્રવ્ય છે તે મોક્ષના કારણભૂત જે પર્યાય છે તે રૂપ તે નથી, વીતરાગી પરિણતિરૂપ ત્રિકાળી દ્રવ્ય નથી.

તેથી એમ જાણવામાં આવે છે કે મુક્તસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ છે તે ધ્યાનનું ધ્યેય છે, ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાન જેનું કરે છે તે રૂપ છે પણ ધ્યાનરૂપ નથી.

મોક્ષનો માર્ગ છે તે પરિણમન છે, સક્રિય છે ને ભગવાન આત્મા તો નિષ્ક્રિય છે. તેમાં તો બંધના કારણ ને બંધનો તથા મોક્ષના કારણ ને મોક્ષનો પણ અભાવ છે. આવો આત્મા દ્રષ્ટિમાં લેવો તે ધર્મની પ્રથમ સીડી છે. અહીં કહે છે કે જે ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવ છે તે નિષ્ક્રિય છે ને તે જ ધ્યેયરૂપ છે કે જે એકરૂપ છે, જેમાં મોક્ષમાર્ગની પર્યાય પણ નથી, તે ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે દયા–દાન–નિમિત્ત–સંયોગ આદિનું લક્ષ છોડીને, પર્યાયનું લક્ષ છોડીને નિષ્ક્રિય જે તત્ત્વ છે તેને ધ્યેયરૂપ બનાવવો. ભગવાન કહે છે કે પ્રભુ તું તો ધ્યેયરૂપ છો, નિષ્ક્રિય છો ને તેની દ્રષ્ટિ તે પર્યાય છે, સક્રિય છે,

તે નિષ્ક્રિય નથી. મોક્ષ સાધ્ય છે, મોક્ષમાર્ગ સાધક છે પણ મોક્ષમાર્ગનું–સાધકનું ધ્યેય ત્રિકાળી છે. શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી કેમ કે ધ્યાન તો વિનશ્વર–ક્ષણિક છે ને શુદ્ધ પરિણામિકભાવ તો અવિનશ્વર છે.

## * જિનેશ્વરદેવનું ફરમાનઃ પરમાર્થે જીવ બંધ-મોક્ષને પણ કરતો નથી *

પરમાત્મપ્રકાશની ૬૮ મી ગાથામાં શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે જિનેશ્વરદેવ આમ કહે છે. હું કહું છું એમ નહીં પણ અનંત જિનેશ્વરો આમ ફરમાવે છે. શું ફરમાવે છે? –કે હે યોગી! ભગવાન આત્મા પરમાર્થે જન્મતો પણ નથી, મરતો પણ નથી ને બંધ–મોક્ષને કરતો પણ નથી. આહાહા! સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી ભગવાન આત્મા છે તે જન્મતો પણ નથી ને મરતો પણ નથી, અરે! બંધમોક્ષને પણ કરતો નથી–તેને એકવાર તું ધ્યેય તો બનાવ! સમ્યગ્દર્શનના વિષયભૂત જે પૂર્ણાનંદનો નાથ છે તે બંધમોક્ષના પરિણામને નથી કરતો એમ જિનેશ્વરદેવ કહે છે, જિનવાણી આમ કહે છે, ગુરુ આમ કહે છે. શું કહે છે? –કે પરમાર્થે ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ત્યાં દ્રષ્ટિ કર, તેનો અનુભવ કર, એ કરવાનું છે, એ સંસાર પરિભ્રમણ રહિત થવાનો માર્ગ છે, બાકી દયા–દાન આદિ બંધુ થોથા છે, પરિભ્રમણનું કારણ છે. માટે જ્યાં બંધ–મોક્ષના પરિણામ રહિત ભગવાન આત્મા બિરાજે છે ત્યાં જા, પર્યાયને ત્યાં ઝૂકાવ. ભગવાન આત્મા તો કલ્યાણસ્વરૂપ જ છે, તેથી ત્યાં પર્યાયને ઝૂકાવતાં પર્યાયમાં પણ પૂર્ણ કલ્યાણ–મોક્ષ થશે.

ફરી વધુ સ્પષ્ટ કરવામાં આવે છે કે મોક્ષમાર્ગ અર્થાત્ ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક છે તે એકદેશશુદ્ધનયાશ્રિત છે અર્થાત્ આંશિક શુદ્ધરૂપ પરિણતિ છે. ત્યાં ઉપશમ આદિ કહ્યું તે તો મોહના અભાવની અપેક્ષાએ કહ્યું હતું પણ જ્ઞાનની અપેક્ષાએ તે શું છે? –કે નિર્વિકલ્પ સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ છે. ઉપશમાદિ ભાવમાં જ્ઞાનની શું દશા છે? જ્ઞાનમાં ઉપશમ તો હોય નહીં, જ્ઞાનમાં તો ક્ષયોપશમ ને ક્ષાયિક હોય. સાધક હોવાથી ઉપશમ, આદિ ત્રણ ભાવમાં નિર્વિકલ્પ સ્વસંવેદન પ્રત્યક્ષ ક્ષયોપશમજ્ઞાન છે, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ત્રણ ભાવ કહ્યા, સાધકને મોક્ષમાર્ગના ત્રણ પ્રકાર સમકિત અપેક્ષાએ કહ્યા, તો જ્ઞાનમાં શું છે? કે સાધકને ક્ષયોપશમજ્ઞાન છે. કેવું છે એ જ્ઞાન? –કે નિર્વિકલ્પ સ્વસંવેદન લક્ષણ ક્ષયોપશમજ્ઞાન છે. એકલું ક્ષયોપશમજ્ઞાન તો અજ્ઞાનીને પણ હોય છે, નિગોદમાં પણ છે; પણ એ પરલક્ષી ક્ષયોપશમ છે, આ ત્રણ ભાવમાં તો નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષયોપશમજ્ઞાન છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૭ ]

હે જ્ઞાનના ઇચ્છક શ્રોતા ! સાંભળ !

## શુદ્ધ જીવ તો મિથ્યાત્વાદિનો અકર્તા છે.

આચાર્ય મહારાજ કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સંયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય ચૈતન્યમૂર્તિ છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શ્રોતા શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જ જવાના છે. તેથી એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્‌ગલદ્રવ્ય કરે તો ભલે કરે ! તેમાં શુદ્ધ જીવને શું આવ્યું ? –એમ કહીને અહીં તો શુદ્ધ જીવને નિરાળો સિદ્ધ કરવો છે.

[ શ્રી સમયસાર, કર્તાકર્મ અધિકાર, ગાથા–૧૦૯/૧૧૨ ઉપર પૂજ્યશ્રીના પ્રવચનમાંથી ]

પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છેઃ–

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,<br>
–મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.<br>
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,<br>
–મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.
જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ખરેખર પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલ દ્રવ્ય જ એક કર્તા છે તેના ચાર ભેદ છેઃ મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ. તેના ભેદ કરતાં તેર ગુણસ્થાનો તેના જ ભેદ છે. મિથ્યાદ્રષ્ટિથી માંડીને સયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો પુદ્‌ગલકર્મના કારણે પડયા છે એમ કહીને શુદ્ધ જીવ દ્રવ્ય છે તે સિદ્ધ કરવો છે. તેથી જીવની અશુદ્ધ પર્યાયોને પુદ્‌ગલમાં નાખી દીધી છે. એ તેરે ગુણસ્થાનો અચેતન છે. મિથ્યાત્વ છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે, તારો આત્મા છે એ તો શુદ્ધ જ છે. મિથ્યાત્વ આદિ તેર ભેદો કર્મના વિપાકના ભેદ છે. સયોગી કેવળીનું ગુણસ્થાન છે તે અત્યંત અચેતન છે. મિથ્યાત્વથી માંડીને તેરે ગુણસ્થાનના અત્યંત અચેતન ભાવો વ્યાપ્ય–વ્યાપકપણે નવાકર્મને બાંધે તો ભલે બાંધે–એમ કહીને એકદમ તદ્દન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય લેવું છે. ચેતન સ્વભાવ અચેતન એવા તેર ગુણસ્થાનને ન કરે તો નવા કર્મને તો કેમ કરે? ત્યારે કોણ કરે?–કે અચેતન એવા જે તેર ગુણસ્થાનો નવા કર્મને બાંધે તો ભલે બાંધે, દ્રવ્ય છે એ તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એ તો ગુણસ્થાનમાં આવતો નથી તો એ નવા કર્મને કેમ કરે?

જેને સ્વરૂપનું લક્ષ કરવું છે તેને ભલે મિથ્યાત્વભાવ હો પણ સ્વરૂપનું લક્ષ કરે છે તેમાં મિથ્યાત્વ પણ ટળી જાય છે ને કર્મ પણ ટળી જાય છે. પૂરણ વસ્તુમાં લક્ષ કરવાનો જ છે તેને આ તેર ગુણસ્થાનો નવા કર્મને થોડો કાળ કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું? તેને તો ચૈતન્ય શુદ્ધ દ્રવ્યના લક્ષે મિથ્યાત્વાદિ ટળી જવાના છે. તેથી થોડો કાળ મિથ્યાત્વાદિ નવા કર્મને કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું?

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું કે હે જ્ઞાનના ઇચ્છક જીવ! સાંભળ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો અચેતન છે, એ પુદ્‌ગલકર્મને કરો તો કરો, જીવને શું આવ્યું? દ્રવ્યસ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો કંદ છે અને તે ગુણસ્થાન પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ હોવાથી અચેતન છે–એમ કહીને શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. જ્ઞાયક સહજ સ્વભાવભાવ એ તેર ગુણસ્થાનને શું કરે? ને નવા કર્મને શું કરે? હે જ્ઞાનના ઇચ્છક! સાંભળ, સાંભળ, સાંભળ! તેર ગુણસ્થાન છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે માટે અચેતન છે, તે થોડો કાળ નવા અચેતન કર્મને કરે તો કરે, તેમાં જીવને શું છે? આત્માને શું છે? આત્માને શું

સંબંધ છે? ભગવાન તો ચિદાનંદઘન છે તેમાં ક્યાંય ઓછપ કે ઊણપ નથી. આહાહા! અહીં તો સ્વભાવની સ્થિતિ સિદ્ધ કરવી છે કે ભગવાન તારો ચેતનસ્વભાવ છે ને તેર ગુણસ્થાનો અચેતનસ્વભાવ છે. અનાદિ અનંત જે દ્રવ્યસ્વભાવ છે તેને ગુણસ્થાન અડતા નથી.

શિષ્યે પૂછયું કે પુદ્‌ગલકર્મને જીવ કરે નહીં ત્યારે કર્તા કોણ છે? તેને આચાર્યદેવે કહ્યું કે તારે સમજવું હોય તો હે જ્ઞાનના ઇચ્છક! સાંભળ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મનો પાક છે, એ આત્મા નથી. તેથી પુદ્‌ગલકર્મનો એ પાક તેર ગુણસ્થાન નવા કર્મને કરે તો કરો, તેમાં આત્માને શું છે? મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાન અચેતન છે ને ભગવાન આત્મા શાશ્વત ચેતન વસ્તુ છે. એ ચેતનસ્વભાવ પુદ્‌ગલકર્મને કેમ કરે? – એમ કહીને કહે છે કે ભાઈ! તું સાંભળ, તને તારા ચેતન સ્વભાવનો વિશ્વાસ નથી, તેનો તું વિશ્વાસ કર.

ત્યારે શિષ્ય પૂછે છે કે જીવ પોતે જ મિથ્યાત્વાદિને વેદતો થકો જીવ પોતે જ મિથ્યાદ્રષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે ને? તેને આચાર્યમહારાજ કહે છે કે ભાઈ! સાંભળ, તારો આ તર્ક અવિવેક છે. કેમ કે મિથ્યાત્વાદિને આત્મા વેદતો જ નથી. કારણકે ભાવકભાવ્યભાવના અભાવને લીધે આત્મા મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી.

જેનો આત્મામાં અભાવ છે એવા મિથ્યાત્વાદિને ભગવાન આત્મા કેમ ભોગવે? કેમ કે મિથ્યાત્વાદિ કર્મ–ભાવકનું ભાવ્ય છે, આત્માનું ભાવ્ય નથી. પ્રભુ તો શાશ્વત ચેતન હીરલો છે તે રાગાદિને કેમ વેદે? આહાહા! દ્રવ્યને નિરાળો સિદ્ધ કરે છે. કર્મ ભાવક ને મિથ્યાત્વાદિ તેનું ભાવ્ય એવા ભાવકભાવ્યનો જીવમાં અભાવ છે માટે તેને જીવ કેમ ભોગવે?

તેર ગુણસ્થાનો અચેતન છે તે નવા કર્મને બાંધે તો બાંધો, તેમાં જીવને શું? આહાહા! એકકોર (–એક તરફ) બધું પુદ્‌ગલમાં નાખી દીધું ને એકકોર નિરાળો ચેતન લીધો! અહીં એવો જ જીવ લીધો છે કે જેને મિથ્યાત્વભાવ છે પણ આત્માની જિજ્ઞાસા થઈ છે, અને તેને મિથ્યાત્વ અલ્પકાળમાં ટળી જવાનું છે, તેથી મિથ્યાત્વાદિ અચેતનભાવો થોડો કાળ કરે તો કરો? –જીવ તેનો કર્તા નથી. આહાહા! સાંભળનારને દ્રવ્યનું લક્ષ કરાવીને કર્મને કોણ બાંધે છે એ સમજાવ્યું છે.

મિથ્યાત્વાદિનો જીવ ભોક્તા પણ નથી. દ્રવ્યસ્વભાવ છે એ ક્યાં રાગાદિને વેદે છે?

તું ત્યાં–દ્રવ્યસ્વભાવમાં જા ને! પ્રભુ પોતે મહાત્મા છે, મોટો આત્મા છે, તેનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ નિરાવરણ છે, તેને રાગાદિનો સંબંધ છે જ નહીં. એ ચેતનદ્રવ્યના હિસાબે આ તેર ગુણસ્થાનો પુદ્ગલકર્મનો પાક છે, ચેતનનો પાક નથી. ચેતનનો પાક આનંદ છે, તે રાગાદિને કેમ ભોગવે? તેર ગુણસ્થાનો નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય છે, તેને જીવ કેમ ભોગવે?

સમ્યગ્દર્શન થયું નથી એવા જીવને આ સમજાવે છે. પ્રભુ, તું મહાપ્રભુ છો પણ એને ભૂલી ગયો ને કે આ કરું, આ કરું એમાં રોકાઈ ગયો, પણ ભાઈ! તું રાગાદિનો કર્તા કે ભોક્તા પણ નથી. પુદ્ગલકર્મમય મિથ્યાત્વાદિનો તું ભોક્તા પણ નથી તો તું પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય?

તેથી એમ ફલિત થયું કે પુદ્ગલમય તેર ગુણસ્થાનો જ કેવળ કર્મને કરે છે. ચૈતન્યહીરલો અચેતન ગુણસ્થાનમાં ક્યાંથી આવે? –એ અચેતન વેદનમાં ક્યાંથી આવે? ચૈતન્ય વસ્તુ મહાપ્રભુ મહાત્મા છે, મોટો આત્મા છે, તેમાં અચેતનપણું ક્યાંથી આવે કે એ અચેતનને કરે કે અચેતનને વેદે? આહાહા! મિથ્યાદ્રષ્ટિને આ કહે છે, પણ કયા મિથ્યાદ્રષ્ટિને? –કે મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં દ્રવ્યસ્વભાવનું લક્ષ કરવાનો જ છે એવા મિથ્યાદ્રષ્ટિને કહ્યું છે.

તેર ગુણસ્થાનો અશુદ્ધ નિશ્ચયથી જીવની પર્યાય છે, અશુદ્ધ નિશ્ચયનય વ્યવહારમાં જાય છે ને વ્યવહારનો અહીં નિષેધ કરવો છે. તેર ગુણસ્થાનો અચેતન છે તે ભગવાન આત્મા ચેતનનું નૂરનું પૂર છે. તેથી એક બાજુ ભગવાન આત્મા ચેતન ને એક બાજુ તેર ગુણસ્થાનના ભાવો અચેતન છે. આહાહા! એક કોર રામ ને એક કોર ગામ! થોડામાં ઘણું ભરી દીધું છે. દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા આદિનો ભાવ આસ્રવ છે અને તે બંધનું કારણ છે. બંધનું કારણ કેમ છે? –કે તેઓ અચેતન છે માટે બંધનું કારણ છે.

મિથ્યાત્વાદિ ગુણસ્થાનો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલ કર્મનું કર્તા છે, જીવ કર્તા નથી એમ સિદ્ધ થયું. જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન છે. ભગવાન આત્મા બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છે, તેને પુદ્ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન મિથ્યાત્વ છે.

## * ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન *

પાંચ સમવાયોની ચર્ચા પદ્મપુરાણમાં આ રીતે છેઃ–

"काल: कर्मेश्वरो दैवं स्वभाव: पुरुष: क्रिया।
नियति र्वा करोत्येवं विचित्रं क: समीहितम्।।

ઉક્ત છંદમાં રામને વનવાસ અને ભરતને રાજ્ય આપવામાં આવતા જનતા પોતાના ભાવ વ્યક્ત કરી રહી છેઃ–

આવી વિચિત્ર ચેષ્ટાને કાળ, કર્મ, ઈશ્વર, દૈવ, સ્વભાવ, પુરુષ, ક્રિયા અથવા નિયતિ જ કરી શકે છે બીજું કોણ કરી શકે? "[૧]

આ જ વાતનું સ્પષ્ટીકરણ કરતાં જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશકાર લખે છેઃ–

કાળને નિયતિમાં, કર્મ અને ઈશ્વરને નિમિત્તમાં, અને દૈવ તથા ક્રિયાને ભવિતવ્યમાં ગર્ભિત કરી દેવાથી પાંચ બાબત રહી જાય છે. સ્વભાવ, નિમિત્ત, નિયતિ, પુરુષાર્થ અને ભવિતવ્ય આ પાંચ સમવાયો સહિત જ કાર્ય–વ્યવસ્થાની સિદ્ધિ છે, એવું પ્રયોજન છે.[૨]

આ સંદર્ભમાં સ્વામીજીનું સ્પષ્ટીકરણ પણ જુઓઃ–

"ગોમ્મટસારમાં જે નિયતવાદ કહ્યો છે તે તો સ્વચ્છન્દીનો છે. જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાનસ્વભાવને નિર્ણય કરતો નથી, જેણે અંતરોન્મુખ થઈને સમાધાન કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા ઓછા પણ કર્યા નથી અને 'જેમ થવાનું તે થશે' –એમ કહીને માત્ર સ્વચ્છન્દી થાય છે અને મિથ્યાત્વનું પોષણ કરે છે–એવા જીવને ગોમ્મટસારમાં ગૃહીતમિથ્યાદ્રષ્ટિ કહ્યા છે. પરંતુ જ્ઞાનસ્વભાવના નિર્ણયપૂર્વક જો આ ક્રમબદ્ધપર્યાયને સમજે તો જ્ઞાયકસ્વભાવ તરફના પુરુષાર્થ દ્વારા મિથ્યાત્વ અને સ્વચ્છન્દ છૂટી જાય."[૩]

"અજ્ઞાની કહે છે કે–આ ક્રમબદ્ધપર્યાયને માનીએ તો પુરુષાર્થ ઉડી જાય છે–પરંતુ એમ નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવાથી કર્તાબુદ્ધિનું મિથ્યાભિમાન ઉડી જાય છે અને નિરંતર જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ સાચો નથી. જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ દ્વારા ક્રમબદ્ધ–

---

૧. આચાર્ય રવિષેણ, પદ્મપુરાણ, સર્ગ ૩૧, શ્લોક ૨૧૩

૨. જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૮

૩. જ્ઞાનસ્વભાવ–જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ ૭

પર્યાયનો નિર્ણય કરીને જ્યાં પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચે સમવાય આવી જાય છે. પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયત અને કર્મનો અભાવ–આ પાંચે સમવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે."[૧]

"જ્ઞાયકસ્વભાવના આશ્રયે પુરુષાર્થ થાય છે, તોપણ પર્યાયનો ક્રમ તૂટતો નથી."[૨]

"જુઓ, આ વસ્તુસ્થિતિ! પુરુષાર્થ પણ નથી ઉડતો અને ક્રમ પણ નથી તૂટતો. જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિનો પુરુષાર્થ થાય છે અને તેવી નિર્મળ દશાઓ થયા કરે છે તોપણ પર્યાયની ક્રમબદ્ધતા તૂટતી નથી."[૩]

ઉક્ત કથનોથી સ્પષ્ટ છે કે ગોમ્મટસારમાં એકાન્તોના કથનમાં જે નિયતવાદી મિથ્યાદ્રષ્ટિનું કથન છે તેનું ક્રમબદ્ધપર્યાય સાથે કોઈ સામ્ય નથી. નિયતવાદી જેવી સ્વચ્છન્દતાનું પોષણ ક્રમબદ્ધપર્યાયમાં કદાપિ નથી.

સ્વામીજીના સ્પષ્ટીકરણથી પણ એ પૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય છે કે તેઓ એકાન્ત નિયતવાદના પોષક નથી, પરંતુ સાચા અનેકાન્તવાદી છે.

આ બાબતમાં કેટલાક લોકો કહે છે કે આપ ગમે તે કહો, પણ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાન્ત લાગે છે તો કાંઈક એકાન્ત જેવો જ!

ભાઈ! આપના લાગવાને હવે અમે શું કહીએ? અનેક આગમ પ્રમાણો અને યુક્તિઓથી સ્પષ્ટ કરી દીધું તોપણ જો આપને એકાન્ત જેવું લાગે તો અમે શું કરીએ? અમે તો આપની સામે યુક્તિ અને આગમ જ રાખી શકીએ, અનુભવ તો કરાવી શકીએ નહિ.

જો ઊંડાણથી વિચાર નહિ કરો, ઉપર-ઉપર જ વિચારશો તો એકાન્ત જેવું લાગશે જ. ઊંડાણથી વિચાર કરતા સ્પષ્ટ પ્રતીત થાય છે કે મિથ્યા–એકાન્ત નથી.

શું કહ્યું, મિથ્યા–એકાન્ત નથી?

હા, હા, સમ્યક્–એકાન્ત તો તે છે જ.

શું એકાન્ત પણ બે જાતના હોય છે?

હા! હા! એકાન્ત જ શા માટે, અનેકાન્ત પણ બે જાતના હોય છે.

---

૧. જ્ઞાનસ્વભાવ–જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ ૧૧

૨. તે જ પૃષ્ઠ ૯૯

૩. તે જ પૃષ્ઠ ૧૦૦

તો શું જૈનદર્શનમાં એકાન્તને પણ સ્થાન પ્રાપ્ત છે? શું તે અનેકાન્તવાદી દર્શન નથી?

જૈનદર્શન અનેકાન્તમાં પણ અનેકાન્તનો સ્વીકાર કરે છે. જો કે જૈનધર્મ અનેકાન્તવાદી દર્શન કહેવાય છે, તોપણ જો તેને સર્વથા અનેકાન્તવાદી માનીએ તો એ પણ એકાન્ત થઈ જશે. તેથી જૈનદર્શનમાં અનેકાન્તમાં પણ અનેકાન્તનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈનદર્શન સર્વથા ન એકાન્તવાદી છે અને ન સર્વથા અનેકાન્તવાદી. તે કથંચિત્ એકાન્તવાદી અને કથંચિત્ અનેકાન્તવાદી છે. એનું જ નામ અનેકાન્તમાં અનેકાન્ત છે.

કહ્યું પણ છેઃ–

પ્રમાણ અને નય છે સાધન જેના, એવું અનેકાન્ત પણ અનેકાન્તસ્વરૂપ છે; કેમ કે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાન્તસ્વરૂપ અને અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાન્તરૂપ સિદ્ધ છે.[૧]

જૈનદર્શન અનુસાર એકાન્ત પણ બે પ્રકારના છે અને અનેકાન્ત પણ બે પ્રકારના. જેમ કે–સમ્યક્–એકાન્ત અને મિથ્યા–એકાન્ત, સમ્યક્–અનેકાન્ત અને મિથ્યા–અનેકાન્ત. નિરપેક્ષ નય મિથ્યા–એકાન્ત છે અને સાપેક્ષ નય સમ્યક્–એકાન્ત છે તથા સાપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ શ્રુતપ્રમાણ સમ્યક્–અનેકાન્ત છે અને નિરપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ પ્રમાણભાસ મિથ્યા–અનેકાન્ત છે. કહ્યું પણ છેઃ–

જે વસ્તુ અનેકાન્તરૂપ છે તે જ સાપેક્ષદ્રષ્ટિથી એકાન્તરૂપ પણ છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ અનેકાન્તરૂપ છે અને નયોની અપેક્ષાએ એકાન્તરૂપ છે. અપેક્ષા વિના વસ્તુનું રૂપ જોઈ શકાતું નથી.[૨]

અનેકાન્તમાં અનેકાન્તની સિદ્ધિ કરતાં અકલંકદેવ લખે છેઃ–

“જો અનેકાન્તને અનેકાન્ત જ માનવામાં આવે અને એકાન્તનો સર્વથા લોપ કરવામાં આવે તો સમ્યક્–એકાન્તના અભાવમાં, શાખાદિના અભાવમાં વૃક્ષના અભાવની જેમ, તત્સમુદાયરૂપ અનેકાન્તનો પણ અભાવ થઈ જશે. તેથી જો એકાન્તનો જ સ્વીકાર કરવામાં આવે તો તો પછી અવિનાભાવી ઇતરધર્મોનો લોપ થતાં પ્રકૃત બાકીનાનો પણ લોપ થવાથી સર્વલોપનો પ્રસંગ પ્રાપ્ત થશે.[૩]”

---

૧. સ્વયંભૂસ્તોત્ર, શ્લોક ૧૦૩ ( અરનાથ સ્તુતિ, શ્લોક ૧૮ )

૨. કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૨૬૧

૩. રાજકાર્તિક, અ. ૧, સૂત્ર ૬ ની ટીકા

સમ્યક્–એકાન્ત નય છે અને સમ્યક્–અનેકાન્ત પ્રમાણ.

આ દ્રષ્ટિએ વિચાર કરતાં ‘ક્રમબદ્ધપર્યાય’ સમ્યક્–નિયતિવાદ અર્થાત્ સમ્યક્–એકાન્ત છે કે જે સમ્યક્–અનેકાન્તનું વિરોધી નથી, પરંતુ પૂરક છે. આ વાતને જો વધારે સ્પષ્ટ કરીએ તો વાત કાંઈક આ પ્રમાણે થશે.

સમ્યક્–અનેકાન્ત અર્થાત્ શ્રુતપ્રમાણની દ્રષ્ટિએ વિચાર કરીએ તો કાર્યની સિદ્ધિ અનેક કારણોથી અર્થાત્ પાંચ સમવાયોથી થાય છે, પરંતુ સમ્યક્–એકાન્ત અર્થાત્ નયની અપેક્ષા એ જે સમવાયની અપેક્ષાથી કથન હોય તેનાથી કાર્ય થયું એમ કહેવાય છે, અન્ય સમવાય તેમાં ગૌણ રહે છે–તેમનો અભાવ અપેક્ષિત હોતો નથી.

આ દ્રષ્ટિએ વિચાર કરતાં જો કે પ્રત્યેક કાર્ય શ્રુતપ્રમાણ (સમ્યક્–અનેકાન્ત) ની અપેક્ષાએ પાંચ સમવાયોથી જ થાય છે તોપણ નયની અપેક્ષાએ જે સમવાયને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે તેનાથી કાર્યસિદ્ધિ થઈ–તે કથન સમ્યક્–એકાન્ત હોય છે, મિથ્યા–એકાન્ત નહિ; કારણ કે તેમાં અન્ય સમવાય ગૌણ હોય છે, તેમનો અભાવ હોતો નથી.

પ્રસ્તુત પ્રસંગમાં કાળની અપેક્ષાએ કથન કરતાં પ્રત્યેક કાર્ય સ્વકાળે (સ્વાવસરે) જ થાય છે–એમ કહેવું સમ્યક્–એકાન્ત થશે, મિથ્યા–એકાન્ત નહિ. કેમ કે આ કથનમાં પુરુષાર્થાદિ અન્ય સમવાય ગૌણ થયા છે, તેમનો અભાવ ઇષ્ટ નથી.

આ રીતે ક્રમબદ્ધપર્યાયને સમ્યક્–એકાન્ત પણ કહી શકાય છે કે જે સમ્યક્–અનેકાન્તનું પૂરક છે, વિરોધી નથી. એક કારણ એ પણ છે કે સમ્યક્–એકાન્ત અને મિથ્યા–એકાન્તનો ભેદ ન જાણનારાઓને ક્રમબદ્ધપર્યાયની વાત એકાન્ત જેવી લાગે છે.

ઉક્ત સંદર્ભમાં હું એક મહત્ત્વપૂર્ણ તથ્ય તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવા ચાહું છું કે ક્રમબદ્ધપર્યાયમાં આપને કાળ સંબંધી એકાંત જ કેમ લાગે (નજરે પડે) છે, ક્ષેત્ર સંબંધી કેમ નહિ, ભાવ સંબંધી કેમ નહિ, નિમિત્ત સંબંધી કેમ નહિ? જ્યારે ક્રમબદ્ધપર્યાયના સ્પષ્ટીકરણમાં સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે જે દ્રવ્યની જે પર્યાય, જે ક્ષેત્રમાં, જે કાળે, જે વિધિથી અને જે નિમિત્તથી જેવી થવાની હશે; તે દ્રવ્યની તે પર્યાય, તે જ ક્ષેત્રમાં, તે જ કાળે, તે જ વિધિથી અને તે જ નિમિત્તથી તેવી જ થશે.

ઉક્ત વ્યાખ્યામાં કાળની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ, નિમિત્ત અને વિધાન પણ નિશ્ચિત બતાવવામાં આવેલ છે. તો પછી આપને કાળની નિયમિતતામાં જ કેમ આશંકા થાય છે, ક્ષેત્રાદિની નિયમિતતામાં કેમ નહિ?

જેમ કે કેવળજ્ઞાન જીવને જ થશે, અજીવને નહિ; જીવમાં પણ ભવ્ય જીવને જ થશે, અભવ્યને નહિ–આ દ્રવ્ય સંબંધી નિયમિતતા છે. શું આમાં આપને વાંધો છે? એ જ રીતે કેવળજ્ઞાન ક્ષપકશ્રેણીરૂપ ધ્યાન (વિધિ) થી જ થશે તથા જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મોના અભાવ (નિમિત્ત) પૂર્વક જ થશે–આ વિધાન અને નિમિત્ત સંબંધી નિયમિતતા છે. શું એમાં પણ આપને કોઈ શંકા છે? જો ના, તો પછી કાળ સંબંધી નિયમિતતામાં જ શંકા કેમ?

ક્રમબદ્ધપર્યાયમાં એકલા કાળને જ નિયમિત સ્વીકારવામાં આવેલ નથી; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને નિમિત્તને પણ નિયમિત સ્વીકારવામાં આવેલ છે.

જો ક્રમબદ્ધપર્યાયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નિમિત્તની બધી નિયમિતતાનો સમાવેશ થાય છે તો પછી જે કાળે થવાનું હશે તે જ કાળે થશેના સ્થાને એમ પણ કહી શકાય છે કે જે દ્રવ્યનું થવાનું હશે, તેનું જ થશે; જે ક્ષેત્રમાં થવાનું હશે, તેમાં જ થશે; જે થવાનું હશે, તે જ થશે; જે વિધિથી થવાનું હશે, તેનાથી જ થશે; જે નિમિત્તપૂર્વક થવાનું હશે, તે જ નિમિત્તે થશે.

તો પછી કાળ ઉપર જ નારાજી શામાટે? કાળની જ નિયમિતતામાં બંધનની પ્રતીતિ શા માટે? અન્યમાં કેમ નહિ? કયું કારણ છે કે અજ્ઞાની કાળમાં જ શંકિત થાય છે?

એનું કારણ અજ્ઞાનીનું ઉતાવળાપણું છે. પર્યાયની અચળતાનું જ્ઞાન ન હોવાથી અજ્ઞાનીમાં એક પ્રકારનું ઉતાવળાપણું પ્રાપ્ત થાય છે કે એટલે પ્રતીક્ષા કોણ કરે? કાર્ય જલ્દી થવું જોઈએ. જેનો સમ્યગ્દર્શન–પર્યાયની પ્રાપ્તિનો કાળ દૂર હોય, તેને કાળની નિયમિતતાનો વિશ્વાસ થતો નથી.

લોકમાં પણ જોવામાં આવે છે કે જેને કોઈ કામ થવાનો સમય સમીપ આપવામાં આવે–બતાવવામાં આવે તો તે સહજ સ્વીકાર કરી લે છે; પણ જેને લાંબો સમય બતાવવામાં આવે છે કે આપવામાં આવે છે તો તેને બદલાવવાનો પ્રયત્ન કરે છે, તેને તે કાળ સ્વીકાર્ય બનતો નથી. તેવી જ રીતે જેના આત્મહિતનો કાળ દૂર છે, તેને કાળનું નિશ્ચિત હોવું ગમતું નથી. જેને કાળનું નિશ્ચિત હોવું ગમતું નથી, તો સમજવું જોઈએ કે તેને સત્ય સમજવાનો કાળ હજી દૂર છે. તેનામાં કાળને બદલવાની વૃત્તિ, ઉતાવળાપણું રહ્યા જ કરે છે. આ ઉતાવણાપણાની વૃત્તિ જ તેને એ સ્વીકારવા દેતી નથી કે જ્યારે થવાનું હશે ત્યારે થશે.

જો ઊંડાણથી વિચાર કરીએ તો સમજવામાં આવી શકે છે કે દ્રવ્ય–ક્ષેત્રાદિની

જેમ કાળ પણ નિયમિત છે. પણ ઊંડાણથી કોઈ વિચાર કરે ત્યારે ને? ઊંડાણમાં તો કોઈ જવા ઇચ્છતું નથી, બસ એમ જ ઉપર–ઉપર ઉડતી નજર નાખે છે–તો એકાન્ત જેવું પ્રતીત થાય છે; પુરુષાર્થનો લોપ થઈ જશે–એમ લાગે છે.

આજની દુનિયા એટલી ઉતાવળમાં છે, એટલી ઉતાવળી થઈ રહી છે કે તેને ઊંડાણમાં જવાનો અવકાશ જ નથી. આ દોડધામના યુગમાં કોઈ ઉભા રહેવાનું તો દૂર રહ્યું, ચાલતું પણ નથી, ફક્ત દોડે છે. પ્રત્યેક વ્યક્તિ કોઈને કોઈ દોડમાં સામેલ છે, દોડની ધૂનમાં છે. તે પોતાની ધુનમાં એટલો વ્યસ્ત છે કે તેને 'ક્રમબદ્ધપર્યાય' જેવા ગંભીર વિષય પર શાંતિથી, ગંભીરતાથી વિચાર કરવાનો સમય જ નથી.

આ ત્રસ્ત જગત વિષય–કષાયમાં એટલું ટેવાઈ ગયું છે, વિષય–કષાયની સામગ્રી મેળવવાના વિકલ્પમાં જ એટલું રોકાઈ રહ્યું છે કે–"હું કોણ છું, મારું સ્વરૂપ શું છે, આ જગત શું છે, એની પરિણતિનો કર્તા કોણ છે? " –આદિ દાર્શનિક વિષયો ઉપર વિચાર કરવાની ફુરસદ જ એને ક્યાં છે? આ વાતોનો વિચાર કરવો એ તો નવરા લોકોનું કામ માનવા લાગેલ છે. એ તો બસ દોડયે જ જાય છે, લક્ષ્ય વિના જ.

જો આપને આ જગતનું ઉતાવળાપણું જોવું હોય તો કોઈ પણ શહેરના ભરચક ચોકમાં ઉભા રહી જાવ અને જુઓ આ દુનિયાનું ઉતાવળાપણું. ચોકમાં મોતની નિશાની લાલબત્તી છે, એક સિપાહી પણ ઊભો છે આપને રોકવા માટે, છતાં પણ આપ રોકાતા નથી; પોતાના મોતની કિંમતેય રોકાતા નથી. જો કે આપ સારી રીતે જાણો છો કે લાલબત્તી થતાં સડક ઓળંગાવી એ જોખમ રહિત નથી, કોઈ પણ સમયે કોઈ ભારે વાહનની નીચે આવી શકો છો, પોલીસ પણ આપને ચેતવી રહ્યો છે, છતાં પણ આપ દોડી રહ્યા છો. શું આ ઉતાવળાપણાની હદ નથી? આટલી બધી ઉતાવળ કયા કામ માટે? પણ આવું ઉતાવળાપણું કોઈ પણ સ્થળે જોઈ શકાય છે. શું એ દેશનું દુર્ભાગ્ય નથી કે આપ આપના ઉતાવળાપણાને કારણે લાલબત્તી હોવા છતાં પણ કોઈ વાહનની નીચે આવીને મરી ન જાવ–માત્ર એ જ કારણે લાખો પોલીસોને ચોકમાં ઉભા રહેવું પડે છે.

પોતાના મોતની કિંમત આપીને ય જેમને એટલો વિલંબ સ્વીકાર્ય નથી, પસંદ નથી; એવા અધીરિયા–ઉતાવળા લોકોને સમજણમાં એ કેવી રીતે આવી શકે કે જે કાર્ય જ્યારે થવાનું હશે, ત્યારે જ થશે.

આ કામ તો ધીરતાનું છે, ગંભીરતાનું છે; વીરતાનું પણ છે. જે ધૈર્યથી ગંભીરતા–

પૂર્વક મનન કરે, ચિન્તન કરે, તે વીરની સમજમાં જ ક્રમબદ્ધપર્યાય આવે છે. એમાં પુરુષાર્થનો લોપ નથી થતો, પણ સાચો પુરુષાર્થ પ્રગટ થાય છે.

ઉતાવળાપણા સિવાય પક્ષનો મોહ પણ એક કારણ છે જે કાળની નિયમિતતાની સહજ સ્વીકૃતિમાં બાધક બને છે.

પક્ષવ્યામોહ રહિત આત્માર્થી વીર બંધુઓને અનુરોધ છે કે તેઓ એકવાર આ મહત્ત્વપૂર્ણ વિષય ઉપર ધીરતા અને ગંભીરતાથી વિચાર કરે.

'ક્રમબદ્ધપર્યાય' માં જો કેટલાક લોકોને નિયતવાદનું એકાન્ત નજરે પડે છે તો કેટલાક વિદ્વાનો એને એકાન્ત ભાગ્યવાદી દ્રષ્ટિકોણ માને છે. તેમની દ્રષ્ટિમાં નિયતિવાદ, ક્રમબદ્ધપર્યાય અને દૈવવાદમાં કોઈ અંતર નથી કેમકે જે થવાનું છે, તે થશે–એમ વિચારવું પુરુષાર્થહીન બનાવે છે. તેમની માન્યતા પ્રમાણે કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૨૧ થી ૩૨૩ સુધીનું કથન સાર્વભૌમિક સત્ય નથી.

આ સંદર્ભમાં અમે સિદ્ધાન્તાચાર્ય પં. કૈલાશચંદજી વારાણસીના વિચાર કે જે તેમણે કાર્તિકેયાનુપ્રેક્ષાની ઉક્ત ગાથાઓના ભાવાર્થમાં જ વ્યક્ત કર્યા છે, તે ઉદ્ધત કરવા ઇચ્છીએ છીએઃ–

"સમ્યગ્દ્રષ્ટિ એ જાણે છે કે પ્રત્યેક પર્યાયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત છે. જે સમયે, જે ક્ષેત્રમાં, જે વસ્તુની જે પર્યાય થવાની છે, તે જ થાય છે–તેને કોઈ ટાળી શકતું નથી. સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અવસ્થાઓ જાણે છે. પરંતુ તે જાણી લેવાથી પ્રત્યેક પર્યાયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત નથી થયા; પરંતુ નિયત હોવાથી જ તેમણે તે રૂપે જાણ્યા છે. જેમ–સર્વજ્ઞદેવે આપણને બતાવ્યું છે કે પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય પૂર્વપર્યાય નષ્ટ થાય છે અને ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વપર્યાય ઉત્તરપર્યાયનું ઉપાદાનકારણ છે અને ઉત્તરપર્યાય પૂર્વપર્યાયનું કાર્ય છે. તેથી પૂર્વપર્યાયમાંથી જે ચાહે તે ઉત્તરપર્યાય ઉત્પન્ન થઈ શકતી નથી, પરંતુ નિયત ઉત્તરપર્યાય જ ઉત્પન્ન થાય છે જો એમ ન માનવામાં આવે તો માટીના પિંડમાંથી સ્થાસ કોસ પર્યાય (પેટાળે પહોળી ઉપર સાંકડી) વિના પણ ઘટ પર્યાય બની જશે. તેથી એ માનવું પડે છે કે પ્રત્યેક પર્યાયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ નિયત છે.

કેટલાક લોકો એને નિયતિવાદ સમજીને તેના ભયથી પ્રત્યેક પર્યાયના દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો નિયત માને છે, પરંતુ કાળને નિયત નથી માનતા. તેમનું કહેવું છે કે

પર્યાયના દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ તો નિયત છે, પરંતુ કાળ નિયત નથી; કાળને નિયત માનવાથી પુરુષાર્થ નિષ્ફળ થઈ જાય છે.

પરંતુ તેમનું ઉક્ત કથન સિદ્ધાન્ત વિરુધ્ધ છે; કેમકે દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ નિયત હોતાં કાળ અનિયત હોઈ શકતો નથી. જો કાળને અનિયત માનવામાં આવશે તો કાળલબ્ધિ કોઈ ચીજ જ નહિ રહે. પછી તો સંસાર પરિભ્રમણનો કાળ અર્ધપુદ્ગલ પરાવર્તનથી અધિક બાકી રહેવા છતાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જશે અને તે કાળ પૂરો કર્યા વિના જ મુક્તિ થઈ જશે. પરંતુ આ બધી વાતો આગમ વિરુધ્ધ છે. તેથી કાળને પણ માનવો જ પડે છે.

હવે પુરુષાર્થ નિષ્ફળ જવાની આશંકા બાકી રહી, તો સમય પહેલાં કોઈ કામ પૂરું કરી લેવાથી જ પુરુષાર્થની સાર્થકતા નથી થતી. પરંતુ સમયસર કામ થઈ થવું તે જ પુરુષાર્થની સાર્થકતાનું સૂચક છે. ઉદાહરણ તરીકે ખેડૂત યોગ્ય સમયે ઘઉં વાવે છે અને ઘણા પરિશ્રમપૂર્વક ખેતી કરે છે. ત્યારે જ સમયસર પાકીને ઘઉં તૈયાર થાય છે. તો શું ખેડૂતનો પુરુષાર્થ નિરર્થક કહેવાશે ? જો તે પુરુષાર્થ ન કરત તો સમયસર તેની નીપજ પાકીને તૈયાર ન થાત, તેથી કાળની નિયતતામાં પુરુષાર્થ નિરર્થક થવાની આશંકા નિર્મૂળ છે.

તેથી જે સમયે, જે દ્રવ્યની, જે પર્યાય થવાની છે, તે અવશ્ય થશે. એમ જાણીને સમ્યગ્દ્રષ્ટિ સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં વિવાદ નથી કરતા અને ન સંપત્તિની પ્રાપ્તિ તથા વિપત્તિ દૂર કરવા માટે દેવ–દેવતાઓ આગળ પ્રાર્થના કરતા રહે છે.” [૧]

ઉક્ત કથનમાં કાર્તિકેયાનુપ્રેક્ષાની ઉક્ત ગાથાઓની સાર્વભૌમિકતા ઉપર જ બળ આપવામાં આવ્યું છે અને પુરુષાર્થની સાર્થકતા પણ સિદ્ધ કરવામાં આવી છે. સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની જીવની પર તરફની અપેક્ષિતતા અને દીનતા આ જ સાર્વભૌમિક સત્યના આધારે સમાપ્ત થાય છે કે એક દ્રવ્ય બીજાનું ભલું–બુરું કરી શકતું નથી તથા જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળે, જે વિધાનથી, જે નિમિત્તપૂર્વક, જેવી થવાની છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ વિધાનથી, તે જ નિમિત્તપૂર્વક, તેવી જ થશેઃ તેને ઇન્દ્ર તો શું જિનેન્દ્ર પણ બદલી શકતા નથી; તો પછી વ્યંતરાદિ સાધારણ દેવ–દેવીઓની તો શી વિસાત ? [ –ક્રમશઃ ]

૧. કાર્તિકેયાનુપ્રેક્ષાઃ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળા, પૃષ્ઠ ૨૨૮

[ ધ્યાનનું ધ્યેય........ પાનું ૧૪ થી ચાલુ ]

## * ધ્યાતા પુરુષ શું ધ્યાવે છે ? *

ઉપશમ આદિ ત્રણ ભાવમાં જે જ્ઞાન છે તે નિર્વિકલ્પ ક્ષયોપશમિક જ્ઞાન છે. કેવળીને ક્ષાયિકજ્ઞાન છે પણ આ તો સાધકની વાત ચાલે છે. સાધકને ક્ષયોપશમ જ્ઞાન છે પણ એ ક્ષયોપશમિકજ્ઞાન નિર્વિકાર સ્વસંવેદનરૂપ ક્ષયોપશમિકજ્ઞાન છે. સાધકને ક્ષાયિક સમકિત હો કે ક્ષયોપશમ સમકિત હો પણ જ્ઞાન તો ક્ષાયોપશમ જ છે. ધંધાદિનું ક્ષયોપશમિકજ્ઞાન તો સવિકલ્પ દુઃખરૂપ છે. સાધકનું જે જ્ઞાન છે તે નિર્વિકલ્પ સ્વસંવેદન ક્ષાયોપશમિકજ્ઞાન છે અને તે એકદેશ વ્યક્તિરૂપ છે, ખંડખંડ જ્ઞાનરૂપ છે, તેથી તે ખંડખંડજ્ઞાનને ધ્યાતા પુરુષ ધ્યાવતો નથી, ધ્યાનમાં લેતો નથી. તો પછી ભગવાનનું ધ્યાન કરવું આદિ ક્યાં રહ્યા ? એ તો વિકલ્પ છે. તો ધ્યાતા પુરુષ–ધ્યાન કરનાર સમકિત ધ્યાનમાં શું ધ્યાવે છે ? –કે ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે પ્રગટેલી દશાને હું ધ્યાવતો નથી પણ જે સકલ–નિરાવરણ છે, જે અખંડ છે અર્થાત્ જે સદાય આવરણ રહિત છે, ખંડપણા રહિત છે ને જે એક અખંડ પ્રત્યક્ષ પ્રતિભાસમય છે એટલે કે જેવો છે તેવો પર્યાયમાં પ્રત્યક્ષ પ્રતિભાસે એવો છે તથા જે અવિનશ્વર છે, શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય છે તે હું છું પણ ખંડ ખંડ જ્ઞાનરૂપ હું છું –એમ ધ્યાવતો નથી.

[ જ્ઞાનગોષ્ઠી........ પાનું ૩૩ થી ચાલુ ]

* આત્મા જ એક સર્વ તત્ત્વોમાં સારરૂપ છે. સંવર નિર્જરા ને મોક્ષ ઉત્પન્ન કરવાની અપેક્ષાએ હિતરૂપ અને સારરૂપ કહેવાય છે તેને પણ અહીં નિયમસારમાં સારરૂપ કહેતા નથી. કેમ કે તે પર્યાય છે, નાશવાન છે, ક્ષણીક છે અને આત્મા તો અવિનાશી ધ્રુવ હોવાથી સારરૂપ છે. સંવરાદિ તત્ત્વો તો નાશ પામવા યોગ્ય ભાવ છે, તેનાથી અવિનાશી ભગવાન આત્મા દૂર છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વીર્યઆદિ ભાવો–પર્યાયો વિનાશીક હોવાથી સારરૂપ નથી. અવિનાશી ભગવાન આત્મા સારરૂપ હોવાથી વિનાશીક ભાવોથી દૂર છે. આહાહા ! પર્યાયની સમીપ ધ્રુવ ભગવાન પડયો છે તે જ એક સારરૂપ હોવાથી દ્રષ્ટિમાં લેવા યોગ્ય છે અને બીજું બધું અસારરૂપ છે.

* ભરતે બાહુબલી ઉપર ક્રોધથી ચક્ર છોડયું હતું છતાં એ વખતે પણ ભરતને અંદરમાં ઉત્તમ ક્ષમા હતી કેમકે અનંતાનુબંધને કરનાર મિથ્યાત્વનો અભાવ છે અને બાહ્યથી દ્રવ્યલિંગધારી મુનિ હોય અને કોઈ વેરી આદિ આવીને શરીરના ખંડખંડ કટકા કરે છતાં બાહ્યથી ક્રોધ ન કરે તોપણ તેને અંદરમાં અનંતાનુંબંધને કરનાર મિથ્યાત્વનો સદ્ભાવ હોવાથી બાહ્યમાં ક્ષમા રાખતો હોવા છતાં અંદરમાં ઉત્તમ ક્ષમા કહેવાતી નથી.

# * પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રબળ પ્રભાવનાયોગે થઈ રહેલ અનેક વિધ પ્રભાવના *

* પૂજ્ય ગુરુદેવશ્રીના સાતીશય પુણ્યપ્રતાપે તથા પ્રબળ પ્રભાવનાયોગે દેશ–વિદેશમાં સનાતન દિગંબર જૈન ધર્મનો પ્રચાર જોરશોરથી થઈ રહ્યો છે. તેના ફળ–સ્વરૂપે કેન્યા (આફ્રિકા) ની રાજધાની નાઈરોબીમાં રૂપિયા પંદર લાખ ઉપરાંતનું એક ભવ્ય શિખરબદ્ધ જિનાલય બંધાઈને તૈયાર થઈ ગયું છે. ભગવાન મહાવીર, પાર્શ્વનાથ, નેમિનાથ તથા શાંતિનાથની મનોજ્ઞ પ્રતિમાઓ જયપુરથી થોડા દિવસમાં પ્લેન દ્વારા નાઈરોબી લઈ જવામાં આવશે. છેલ્લા બે હજાર વર્ષમાં ભારત બહાર વિદેશમાં પ્રથમ વાર દિગંબર જિનમંદિરની સ્થાપના થઈ રહી છે. તા. ૧૯–૧–૮૦ ના રોજ થઈ રહેલ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે લગભગ ૪૦૦ મુમુક્ષુઓ સહિત પૂજ્ય ગુરુદેવશ્રી પ્રથમ વાર વિદેશમાં પધારી રહ્યા છે. ઇતિહાસમાં આ પ્રથમ અવસર હશે કે ભારતથી ઘણે દૂર આટલા મોટા પાયા ઉપર આ પ્રકારની ધર્મપ્રભાવનાના કાર્યક્રમનું આયોજન થયું હોય. નાઈરોબી તથા પ્રમુખનગર મોમ્બાસામાં પૂજ્ય ગુરુદેવશ્રીનો લગભગ એક માસનો કાર્યક્રમ રહેશે. લગભગ ૧૫ લાખના ખર્ચે ઉજવવામાં આવનાર આ પ્રતિષ્ઠા મહોત્સવની તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાગતની તૈયારી બહુ ઉત્સાહ પૂર્વક ત્યાંનું મુમુક્ષુમંડળ કરી રહેલ છે. નાઈરોબી જવા ઇચ્છનાર મુમુક્ષુઓએ શ્રી બલુભાઈ શાહ (શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, ૧૭૩–૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ–૪૦૦ ००૨) સાથે પત્રવ્યવહાર કરવો.

* વડોદરામાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા ફાગણ સુદ ૧૩ ના રોજ કરવામાં આવશે. પ્રતિષ્ઠા–મહોત્સવની તૈયારીઓ ઉત્સાહભેર થઈ રહી છે.

* ગતાંકમાં જાહેર કરેલ “પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિગૃહ ટ્રસ્ટ” ના અનુસંધાનમાં સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત વિશ્રાંતિગૃહના વિશાળ બાંધકામ માટે લગભગ અગીયાર હજાર ચોરસ વાર (લગભગ એક લાખ ચોરસ ફુટ) નો પ્લોટ લેવાઈ ગયો છે (પરમાગમ-મંદિરની પંચકલ્યાણક પ્રતિષ્ઠા વખતે જ્યાં ગુજરાતી ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલી તે આખો વંડો લેવાઈ ગયો છે, જેનું ખાતમૂહુર્ત સાયલાનિવાસી (હાલ બેંગલોર) શેઠશ્રી ભભૂતમલજી છોગાજી ભંડારી તથા શેઠશ્રી ઉમ્મેદમલજી હાંસાજી ભંડારીના શુભહસ્તે કારતક સુદમાં થશે. પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી આધ્યાત્મિક પ્રવચન તથા દર્શનનો

લાભ લેવા તેમ જ શિક્ષણશિબિર, પ્રશિક્ષણશિબિર અને ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણકારી જન્મજયંતી આદિ મહોત્સવ પ્રસંગે આવતા અનેક મુમુક્ષુઓને ઊતરવા–રહેવા માટે સૂચિત વિશ્રાંતિગૃહના નિર્માણનું નક્કી થતાં ઉપરોક્ત પ્લોટ લેવામાં આવેલ છે, જેમાં કીચન, પ્લેટફોર્મ, બાથરૂમ તથા સંડાસ આદિ અતિ જરૂરી સુવિધાવાળા અનેક રૂમો ઊતારવામાં આવશે. આ વિશ્રાંતિગૃહનું વિશાળ બાંધકામ જલ્દી પૂરું કરીને આગામી શિક્ષણ–શિબિર દરમિયાન ઉપયોગમાં લઈ શકાય તેવી તૈયારી ચાલી રહી છે. ગતાંકની જાહેરાત મુજબ જે સદ્ગૃહસ્થ કે મુમુક્ષુ મંડળ રૂા. ૧૧૦૦૧/–,ની દાનરાશિ આપશે તેનું નામ તે રૂમ ઉપર લખવામાં આવશે તથા રૂા. ૭૫૦૦૧/–,ની દાનરાશિ આપનાર સદ્ગૃહસ્થ કે મુમુક્ષુ મંડળનું નામ ૩૦–૩૦ પથારીવાળા હોલ ઉપર લખવામાં આવશે.

ઉપરોક્ત યોજનાની વિશેષ જાણકારી માટે નીચેના સરનામે સત્વરે પત્ર વ્યવહાર કરવો.

વ્યવસ્થાપક,
વિશ્રાંતિગૃહ નિર્માણ યોજના, શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ
૧૭૩–૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ–૪૦૦૦૦૨

* ગતાંકમાં જણાવ્યા મુજબ પર્યુષણ પર્વ નિમિત્તે લગભગ ૧૧૦ ગામોમાં સ્વધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા વાંચનકારો મોકલવામાં આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી જે અધ્યાત્મના સૂક્ષ્મ સિદ્ધાન્તો દિન–પ્રતિદિન સમજાવી રહ્યા છે તે અધ્યાત્મિક સિદ્ધાન્તો વાંચનકારોના પ્રવચનો દ્વારા ગામોગામ પહોંચતા ત્યાંનો સમાજ ખૂબ જ પ્રભાવિત થયો છે. લોકોમાં અધ્યાત્મ સમજવાની ઘણી પીપાસા જાગી છે ને ફળસ્વરૂપે અનેક સ્થળોએ શિક્ષણ શિબિર યોજવાની માગણી થઈ રહી છે. વાણીભૂષણ શ્રી જ્ઞાનચંદજી વિદિશાની હાજરીમાં હસ્તિનાપુરમાં શિક્ષણ–શિબિર યોજવાનું નક્કી કર્યું છે.

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. પર્યુષણ–પર્વ નિમિત્તે આવેલા મહેમાનોને અનુલક્ષીને બપોરે શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ –અલિંગગ્રહણના ૨૦ બોલ ઉપર તથા ૪૭ નય ઉપર તેમજ સવારે શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સૂક્ષ્મ આધ્યાત્મિક પ્રવચનો થયા હતા.

**નયા પ્રકાશન–**

| | | | |
|---|---|---|---|
| ૧. ધર્મના દશલક્ષણ ગુજરાતી | ૪–૦૦ | १. जैन सि. प्रश्नोत्तरमाला भाग २ | १-५० |
| ૨. આત્મસિદ્ધી શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો | ૮–૦૦ | २. श्रावकधर्म प्रकाश | ४-०० |
| ૩. સર્વસામાન્ય પ્રતિક્રમણ | ૧–૦૦ | ३. लधु जैन सि. प्रवेशिका | ०-५० |
| ૪. અધ્યાત્મ સંદેશ | ૫–૫૦ | ४. मुक्तिका मार्ग | १-०० |
| ૫. સમયસાર ગુજરાતી | ૧૫–૦૦ | ५. वीतराग विज्ञान छहढाला प्रवचन भाग ,२ | १-७५ |
| | | ६. प्रवचनसार | १२-०० |




* સંતો કહે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ–ગુરુ પંચપરમેષ્ઠિ આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે, તો તને દ્રવ્ય–ભગવાનને જોવાના–દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એક વાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો! જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડી ગયું. પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઉઘડી ગઈ. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે!

* જીવની મનુષ્યપર્યાય મટીને એકદમ દેવપર્યાય થઈ જાય છે, એથી એમ લાગે કે મનુષ્યમાંથી એકદમ દેવ થઈ જાય એ પરને લઈને થયો હશે? ના, એમ નથી. એ મનુષ્યપર્યાયનો વ્યય થઈને જીવદ્રવ્ય દેવપર્યાયે ઊપજે છે. આ સત્યના સંસ્કારવાળા ઘણા તો અહીંથી દેવમાં જ જવાના. આ તત્ત્વનું જે હંમેશાં સાંભળે છે એ બધા તો મરીને સ્વર્ગમાં જ જવાના. દેવપર્યાય પહેલાં ન હતી ને પછી થઈ, તે મનુષ્યપર્યાય અન્ય છે ને દેવપર્યાય અન્ય થઈ એમાં જીવદ્રવ્ય અન્ય અન્ય પર્યાયે ઊપજે છે. કર્મને–પરને લઈને તે પર્યાયો થતી નથી કે મનુષ્યપર્યાયને લઈને થઈ નથી પણ જીવદ્રવ્ય તેના કર્તા–કર્મ–કરણ વડે તે પર્યાયે ઊપજે છે.

* દ્રવ્યની દ્રવ્યભૂત અન્વય શક્તિ તો સદાય એવી ને એવી જ છે. અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન રહે તેવી નિગોદની અવસ્થા થઈ કે વિષ્ટા ઉપાડનાર ભંગીની અવસ્થા થઈ કે ત્રણ જ્ઞાન ને ક્ષાયિક સમ્યગ્દર્શન લઈને જન્મનાર તીર્થંકર

થાય તોપણ દ્રવ્યની દ્રવ્યત્વભૂત અન્વય શક્તિ તો એવીને એવી જ છે, તેમાં કદી ઘટાડો કે વધારો થયો જ નથી અને કેવળજ્ઞાન પ્રગટ થયું છતાં દ્રવ્યની પૂર્ણ શક્તિઓ તો એવી ને એવી જ છે. જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, જીવતરશક્તિ, સ્વચ્છત્વ શક્તિ આદિ બધી શક્તિઓનું દ્રવ્યત્વભૂત અન્વયપણું એકરૂપતાં છોડતી નથી. ક્યાં તે તિર્યંચની પર્યાય ને ક્યાં દેવની પર્યાય! છતાં દ્રવ્યનું દ્રવ્યત્વ તો એકરૂપ એવું ને એવું જ છે. અહીં એક રાજા કે દેવ હોય ને મરીને એકેન્દ્રિયમાં જાય તેના જ્ઞાનના ઉઘાડમાં કેટલો ફેર પડી ગયો! છતાં દ્રવ્યત્વભૂત શક્તિઓ તો એવી ને એવી જ છે. એ એકરૂપ રહેનાર દ્રવ્યને દ્રષ્ટિમાં પકડવાનું છે.

* આહાહા! ત્રણલોકના નાથ જાણે સામે ઊભા હોય ને કહેતાં હોય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરે નહિ–એમ ફાટ.... ફાટ.... પ્યાલાની જેમ બે દ્રવ્યોની ભિન્નતા બતાવે છે. અરે! આવી વીતરાગની વાતો સાંભળનાર લોકો ભાગ્યશાળી છે. સાક્ષાત્ ભગવાન કહેતાં હોય તેમ સંતો શાસ્ત્ર દ્વારા કહે છે.

પ્રશ્ન :–આત્માનો અનુભવ થયા પહેલાં શુભ–રાગને હેય માનવો ઉચિત છે?

ઉત્તર :–આત્મ–અનુભવ થયા પહેલાં પણ તેણે શુભરાગ હેય છે તેમ નક્કી કરવું જોઈએ, સમકીત પહેલાં પણ એને શ્રદ્ધાનમાં શુભરાગનો નિષેધ આવવો જોઈએ. શુભરાગ છૂટે છે તો સ્વરૂપમાં સ્થિરતા થાય ત્યારે, પણ તેનો નિષેધ તો પહેલેથી આવવો જોઈએ. જો શુભરાગનો આદર કરશે તો મિથ્યાત્વ દ્રઢ થશે. શુભરાગને હેય જાણવાથી કાંઈ અશુભ રાગમાં જવું એમ નથી.

પ્રશ્ન :–સમ્યગ્દર્શન વિના વ્રત–તપ–દાન–શીલ અફળ છે?

ઉત્તર :–હા, સમ્યગ્દર્શન વિનાના વ્રતાદિ બધું મુક્તિ માટે અફળ છે અને સંસાર વધારવા માટે સફળ છે.

* પ્રશ્ન :–મોક્ષની પર્યાય કરે ત્યારે થાય કે થવાની હોય ત્યારે થાય?

ઉત્તર :–જ્ઞાનીની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એ દ્રવ્યમાં ભાવ નામનો ગુણ છે એ ગુણના કારણે નિર્મળ પર્યાય થાય જ છે, તેને કરું તો થાય એમ નથી. દ્રષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એને નિર્મળતા થાય જ છે.

પ્રશ્ન :–રાજા–મહારાજા અને જ્યોર્જ જેવાને પણ એક જ રાણી અને ધર્મી સમ્યક્–દ્રષ્ટિને ૯૬ હજાર રાણીઓ છતાં તેને બંધન નથી?

ઉત્તર :–ભાઈ! બહારના પદાર્થો ઝાઝા હોય તે વધુ બંધનું કારણ ને થોડા હોય તે ઓછું બંધનું કારણ એમ નથી. કોઈને જાડું મોટું શરીર–ઘણા પરમાણુ હોય તેને ઘણું બંધન છે અને પાતળું શરીર

હોય તેને ઓછું બંધન છે એમ નથી. પરદ્રવ્યો ઝાઝા–થોડા હોવા તે બંધ–અબંધનું કારણ નથી. પરંતુ પરદ્રવ્યોમાં એકત્વબુદ્ધિ–સ્વામીત્વબુદ્ધિ હોવી તે જ એક બંધનું કારણ છે. સંયોગ ઝાઝા–થોડા હોવા તે બંધનું કારણ નથી. સમ્યગ્દ્રષ્ટિને ૯૬ હજાર રાણી, નવ–નિધાન, ચૌદ રત્નો આદિ વૈભવો હોવા છતાં ધર્મી તેને પોતાના માનતો ન હોવાથી તે પરદ્રવ્યો ધર્મીને બંધનું કારણ થતા નથી અને એક રાણીવાળો રાજા હોય કે રાણીઓ ત્યાગીને દ્રવ્યલિંગી મુનિ થયો હોય પણ પરદ્રવ્યોમાં સ્વામીપણું માનનારને મિથ્યાત્વના પાપનો મહાન બંધ થાય છે. અંદરમાં રાગમાં એકત્વબુદ્ધિ પડી છે તે જ બંધનું કારણ છે. સંયોગો વધારે ઓછા આવે તે તો તેના કારણે આવે છે આત્મા તેનો કર્તા નથી. પૂર્વ પુણ્યના કારણે સંયોગો ઘણા આવે પણ તે બંધનું કારણ નથી. પરદ્રવ્યનો સંયોગ ઘણો હોવા છતાં તેનાથી બંધ નથી તેમ કહીને પરદ્રવ્યથી બંધ થવાની શંકા છોડાવી છે, પણ સ્વછંદી થવા માટે કહ્યું નથી. અહીં તો દ્રષ્ટિ અને દ્રષ્ટિના વિષયની વિશેષતા બતાવી છે. ઘણો સંયોગ હોય તેથી નુકશાન છે અને સંયોગ છૂટી ગયો માટે ધર્મનો લાભ થયો છે એમ નથી.

* પ્રશ્નઃ– પૂર્ણતાના લક્ષે શરૂઆતમાં ત્રિકાળી દ્રવ્ય લેવું કે કેવળજ્ઞાન પર્યાય ?

ઉત્તરઃ– અહીં પૂર્ણતાના લક્ષમાં સાધ્યરૂપ કેવળજ્ઞાન પર્યાય લેવી. ત્રિકાળી દ્રવ્ય તો ધ્યેયરૂપ છે. કેવળજ્ઞાન ઉપેય છે અને સાધકભાવ તે ઉપાય છે. ઉપાયનું સાધ્ય ઉપેય કેવળજ્ઞાન છે.

* પ્રશ્નઃ– દ્રવ્યને ગુણ સ્પર્શતો નથી અને ગુણને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહેવામાં શું પ્રયોજન છે ?

ઉત્તરઃ– ગુણભેદની દ્રષ્ટિ છોડાવીને અભેદ–વસ્તુની દ્રષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.

* ચૈતન્ય ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મદ્રવ્ય એ જેને દ્રષ્ટિમાં આવ્યો તેને પર્યાયમાં આનંદનું વેદન આવે એ પર્યાયને જ અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં આત્મા કહ્યો છે. ત્રિકાળી ધ્રુવ ભગવાન ઉપર દ્રષ્ટિ પડે એને વેદનમાં આનંદનો અનુભવ થાય ત્યારે તેની દ્રષ્ટિ દ્રવ્યની થઈ કહેવાય છે. જો આનંદનું વેદન ન આવે તો તેની દ્રષ્ટિ ધ્રુવ ઉપર ગઈ જ નથી. જેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય તેને અનાદિનું રાગનું વેદન હતું તે ટળીને આનંદનું વેદન પર્યાયમાં આવે ત્યારે તેની દ્રષ્ટિમાં દ્રવ્ય આવ્યું છે પણ વેદનમાં દ્રવ્ય આવતું નથી. તેથી પર્યાય દ્રવ્યને સ્પર્શ કરતી નથી તેમ કહે છે. પ્રભુની પર્યાયમાં પ્રભુનો સ્વીકાર થયો એ પર્યાયમાં પ્રભુનું જ્ઞાન આવે છે પણ પર્યાયમાં

પ્રભુનું–દ્રવ્યનું વેદન આવતું નથી. વેદનમાં જો દ્રવ્ય આવે તો દ્રવ્યનો નાશ થઈ જાય પણ દ્રવ્ય તો ત્રિકાળ ટકનાર છે. તેથી તે પર્યાયમાં આવતું નથી એટલે પર્યાય સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી તેમ કહ્યું.

પ્રશ્નઃ– પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે અને પર્યાયને પર્યાયનું પોતાનું જ વેદન છે તો ધ્રુવનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– ધ્રુવ દ્રવ્ય એ તો મૂળ વસ્તુ છે, ધ્રુવનું લક્ષ કરે ત્યારે જ પર્યાયમાં આનંદનું વેદન આવે છે. ધ્રુવના લક્ષે પર્યાયમાં આનંદનું વેદન આવતું હોવાથી ધ્રુવ તે મૂળ વસ્તુ છે.

* અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા! –એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દ્રષ્ટિ દે! તારે જન્મ, જરા, મરણ, રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દ્રષ્ટિ દઈને ઠર!

* દ્રવ્યદ્રષ્ટિવંતને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દ્રષ્ટિ પર્યાયમાં ચોંટતી જ નથી. ભલે આનંદની અનુભૂતિ થઈ પણ તે પર્યાયમાં દ્રષ્ટિ ચોંટતી નથી. દ્રષ્ટિ તો એકલા રસકસવાળા તત્ત્વમાં જ ચોંટેલી છે. અનુભૂતિ આદિની નિર્મળ પર્યાયોમાં દ્રષ્ટિ ચોંટતી નથી. દ્રષ્ટિ તો એકલા શાશ્વત સ્તંભ ઉપર જ જામેલી રહે છે. સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચો અસંખ્ય છે પણ તેની દ્રષ્ટિ પર્યાયમાં ક્યાંય ચોંટતી નથી. જેની પાસે અનુભૂતિની પર્યાયની પણ કિંમત નથી એવી અણમૂલી વસ્તુ અંદર રસકસવાળી પડી છે.

[ જુઓ અનુસંધાન પાનુ ૨૭ ]

## વૈરાગ્ય સમાચારઃ-

- સુરતનિવાસી શારદાબેન મગનલાલ મહેતા ( વર્ષ–૭૧ ) તા. ૩–૮–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

- શ્રી મનમોહનભાઈ રતનલાલજી મોદી [–સર શેઠશ્રી હુકમચંદજી ( ઇન્દોર ) ના પુત્રી, ચંદ્રાવતીબેનના પુત્ર] વર્ષ ૩૨, તા. ૭–૮–૭૯ ના રોજ મોટર અકસ્માત થતા સ્વર્ગવાસ પામ્યા છે.

- દિલ્હીનિવાસી શ્રી બાલમુકુંદ જૈન ( વર્ષ–૬૧ ) તા. ૭–૮–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી દર વર્ષે સોનગઢ આવીને છ–છ માસ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મહિતકારી પ્રવચનોનો લાભ લેતા હતા.

- ફતેપુરનિવાસી શ્રી માણેકચંદ રેવચંદ મહેતા ( વર્ષ–૯૦ ) સ્વર્ગવાસ પામ્યા છે.

- જોરાવરનગર નિવાસી ડો. શ્રી હરજીવનભાઈ શાહ ( ઉ. વ. ૬૪ લગભગ ) તા. ૨૪–૮–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અંતિમ સ્થિતિ સુધી પૂ. ગુરુદેવશ્રી પાસેથી મેળવેલા અધ્યાત્મ અમૃતનું ચિંતન–મનન કરતા હતા.

- વીંછીયા નિવાસી ( હાલ મુંબઈ ) જલુબેન ભાયચંદ કસળચંદ ડગલી ( વર્ષ–૮૫ ) તા. ૨૫–૮–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–ઉપરોક્ત સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વર્ષોથી વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મ–ઉદ્ધારક પ્રવચનોનો લાભ લેતા હતા. તેઓને શ્રી વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત શ્રદ્ધાભક્તિ હતા. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# મોહી જીવોની મૂર્ખતા

બીજાને રાજી કરવા અને બીજાથી રાજી થવા માટે આ જીવે અનંતવાર પોતાનો મહાન ઉત્તમ અવસર વ્યર્થ જ ગુમાવ્યો છે. માન–સન્માનની મીઠાશ વડે પ્રત્યક્ષ અનેક દુઃખો સહન કરવા છતાં, એ દુઃખોમાં પણ સુખ માને છે. એ મોહી જીવોની કેવી મૂર્ખતા છે તે માટે પૂ. ગુરુદેવ ખાસ દૃષ્ટાંત ફરમાવે છે. –

બે કૂતરા હતાં, તેમાં એક સફેદ કૂતરો શેઠીયાની શેરીમાં રહેતો અને મોજ મજા કરતો હતો. તેને ખૂબ ખાવાનું મળતું હતું. બીજો કાળો કૂતરો ગરીબ અને લોભીની શેરીમાં રહેતો હતો. ત્યાં તે ખૂબ દુબળો થઈ ગયો. કોઈ ઘરમાં આવવા દે નહીં, પણ માત્ર દંડા ખાવા મળે. એક દિવસ તે બન્ને કૂતરા મળ્યા, કાળા કૂતરાને બહુ જ દુબળો થઈ ગયેલો દેખીને ધોળા કૂતરાએ કહ્યું કે ભાઈ ! તું ગરીબોની શેરીમાં રહીને દુઃખ કેમ ભોગવે છે ? મારી શેરીમાં આવ તો ખૂબ ખાવાપીવાનું મળશે અને આનંદ થશે. ત્યારે કાળો કૂતરો કહેવા લાગ્યો કે ભાઈ ! હું તારી શેરીમાં આવત, પણ મારી શેરીમાં ભૂખ્યો તરસ્યો રહીને અને લાકડીના માર ખાવા છતાં બે શબ્દોનું નામ સાંભળતા મને બહુ મજા આવે છે. કેમ કે મારી શેરીમાં એક દેરાણી જેઠાણી રહે છે, તે રોજ રોજ ઝઘડા કરે છે અને પરસ્પર એક બીજાને કહે છે કે, "તું કાળીયા કૂતરાની વહુ, તું કાળીયા કૂતરાની વહું" બસ આ બે શબ્દો સાંભળીને હું ભૂખ્યા પેટે રહીને લાકડીઓના માર ખાવા આદિનું બધુંય દુઃખ ભુલી જાઉં છું અને તેમાં મને બહુ મજા પડે છે તેથી મને મારી શેરી છોડવી ગમતી નથી. પોતાની વહુ છે તેવા શબ્દ માત્રની મીઠાશમાં મૂર્ખ કુતરો ભૂખ–તરસ ને લાકડીઓના માર ખાઈને મરવા તૈયાર થાય છે.

તેમ સર્વે સંસારી મોહી પ્રાણીઓ સંસારમાં અનેક પ્રકારના દુઃખ ભોગવે છે, છતાં નામ અને યશના લોભમાં પિતા, પુત્ર, મિત્ર આદિ તરફથી 'તમે બહુ ભલા છો' વગેરે શબ્દો સાંભળીને ખુશી–ખુશી થઈ જાય છે. મમતા અને મોટાઈની મીઠાશ આડે બધા દુઃખોને ભુલી જાય છે. પણ હું પરથી અત્યંત જુદો, અનાદિ અનંત ચિદાનંદ આત્મા છું, સ્ત્રી, કુટુંબ, ધન આદિ કોઈ મારું નથી, મારું સુખ મારામાં જ ભર્યું છે–એમ યથાર્થ સમજે તો પરની મમતા છૂટી જાય, ચોરાશીના દંડા ખાવા છૂટી જાય અને પોતાની શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય.

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૬૯ | શ્રી ચુનીલાલ ઝવેરચંદ અજમેરા | મુંબઈ | ૯૯૫ | ,, મહાસુખલાલ હરીલાલ | મુંબઈ |
| ૯૭૦ | ,, જીતેન્દ્ર જમનાદાસ શાહ | ,, | ૯૯૬ | ,, હિંમતલાલ બી. મેઘાણી | ,, |
| ૯૭૧ | ,, કિરીટ એસ. શાહ | ,, | ૯૯૭ | ,, ચંદ્રકાંત અજમેરા | ,, |
| ૯૭૨ | શ્રીમતી પ્રભાગૌરી રતીલાલ મહેતા | ,, | ૯૯૮ | ,, જયસુખલાલ હરીભાઈ પટેલ | સૂરત |
| ૯૭૩ | શ્રી દલસુખભાઈ અમીચંદ જોબાલિયા | ,, | ૯૯૯ | ,, ત્રીકમલાલ હીંમતલાલ શાહ | વઢવાણ |
| ૯૭૪ | ,, પ્રવીણચંદ્ર ડાહ્યાભાઇ મહેતા | ,, | ૧૦૦૦ | ,, કાંતિલાલ બી. દેસાઈ | મુંબઈ |
| ૯૭૫ | ,, અરૂણ ડાહ્યાલાલ મેઘાણી | ,, | ૧૦૦૧ | ,, નટવરલાલ છગનલાલ કોઠારી | ,, |
| ૯૭૬ | શ્રીમતી ઉષાબેન વિનયચંદ્ર શાહ | અમદાવાદ | ૧૦૦૨ | ,, કાંતીલાલ પ્રભુદાસ શાહ | ,, |
| ૯૭૭ | શ્રી ધનસુખલાલ કૃષ્ણલાલ મોદી | મુંબઈ | ૧૦૦૩ | ,, હિમતલાલ મગનલાલ શાહ | અમદાવાદ |
| ૯૭૮ | શ્રીમતી ઇંદુબેન રજનીકાંત ઢાંકી | પોરબંદર | ૧૦૦૪ | ,, હસમુખલાલ હેમચંદ શાહ | ,, |
| ૯૭૯ | શ્રી બિપીનભાઈ જયંતીલાલ શાહ | મુંબઈ | ૧૦૦૫ | ,, માવજીભાઈ લધાભાઈ | મુંબઈ |
| ૯૮૦ | ,, ગીરધરલાલ અમૃલખ ખારા | ,, | ૧૦૦૬ | ,, હરેશકુમાર મણીલાલ ગોસલિયા | ,, |
| ૯૮૧ | ,, પ્રવીણચંદ્ર ત્રિભોવનદાસ શાહ | ,, | ૧૦૦૭ | ,, રતીલાલ મોહનલાલ અજમેરા | ,, |
| ૯૮૨ | શ્રીમતી અમથીબેન ચુનીલાલ મોદી | ,, | ૧૦૦૮ | ,, ચંદુલાલ કાલીદાસ શાહ | તલોદ |
| ૯૮૩ | શ્રી સુખલાલ મોહનલાલ દેસાઈ | ,, | ૧૦૦૯ | ,, છોટાલાલ ધનજીભાઈ ભાલાણી | મુંબઈ |
| ૯૮૪ | ,, કે. એમ જૈન | જેઓરા | ૧૦૧૦ | ,, આર. જી. રાંદડીયા | ,, |
| ૯૮૫ | ,, પોપટલાલ ઓધવજી દેસાઈ | મુંબઈ | ૧૦૧૧ | ,, છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ |
| ૯૮૬ | ,, નરેશભાઈ નીહાલચંદ સોગાની | ,, | ૧૦૧૨ | ,, પી. એમ. પંચમીયા | મુંબઈ |
| ૯૮૭ | ,, સુરેશ ચંદુલાલ શાહ | ,, | ૧૦૧૩ | શ્રીમતી શારદા પુનાતર | જામનગર |
| ૯૮૮ | ,, રાજેન્દ્ર વાડીલાલ શાહ | ,, | ૧૦૧૪ | શ્રી મોહનલાલ જગન્નાથ દોશી | ધોરાજી |
| ૯૮૯ | ,, નરેશ મગનલાલ મહેતા | ,, | ૧૦૧૫ | ,, રમેશ કે. શાહ | મુંબઈ |
| ૯૯૦ | ,, અમૃત જીવણલાલ શાહ | ,, | ૧૦૧૬ | ,, બુધાલાલ પુરુષોત્તમદાસ શાહ | ,, |
| ૯૯૧ | ,, મોતીલાલ પીતાંબરદાસ જૈન | ,, | ૧૦૧૭ | ,, નરેશકુમાર પન્નાલાલ શાહ | રતલામ |
| ૯૯૨ | ,, ચુનીલાલ હરીચંદ શાહ | જલગાંવ | ૧૦૧૮ | ,, મથુરભાઈ સંઘવી | મુંબઈ |
| ૯૯૩ | શ્રીમતી સુધાબેન શાંતિલાલ મોટાણી | મુંબઈ | ૧૦૧૯ | ,, રમણીકલાલ છગનલાલ શાહ | ,, |
| ૯૯૪ | શ્રી અમૃતલાલ કાંતીલાલ ચૌહાણ | ,, | | | |

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/- [ ક્રમશઃ ]**

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂ. ૬=૦૦ ]